સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 37**

[SEPTEMBER - 2023]
[10/09/23 to 16/09/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ
**રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

**CONTACT US:** 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**10 SEP.-2023**


- દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day) ..... 02
- Adopt a Heritage 2.0 and e-Permission Portal ..... 02
- QUESTION ANSWERS ..... 05


**11 SEP.-2023**


- દિવસ મહિમા : 11 સપ્ટેમ્બર, રાષ્ટ્રીય વન શહીદ દિવસ ..... 06
- મિનિટમેન 3 મિસાઈલનું પરિક્ષણ ..... 06
- NASAના MOXIE ઉપકરણએ મંગળગ્રહ પર સફળતાપૂર્વક ઓક્સિજનનું નિર્માણ કર્યું ..... 07
- ઝારખંડમાં યુનિવર્સલ પેન્શન યોજનામાં ટ્રાન્સજેન્ડર સમુદાયનો સમાવેશ ..... 08
- QUESTION ANSWERS ..... 09


**12 SEP.-2023**


- દિવસ મહિમા : 12 સપ્ટેમ્બર, દક્ષિણ-દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ ..... 10
- છત્રપતિ શિવાજી મહારાજના વાઘ નખ બ્રિટનથી પરત લાવવામાં આવશે ..... 10
- પશ્ચિમ બંગાળ પોઈલા વૈશાખને રાજ્ય સ્થાપના દિવસ તરીકે ઉજવશે ..... 12
- US OPEN ટેનિસ ટુર્નામેન્ટ 2023 ..... 13
- QUESTION ANSWERS ..... 15


**13 SEP.-2023**


- નવી દિલ્હીમાં 18મી G20 સમિટ ..... 16
- QUESTION ANSWERS ..... 35


**14 SEP.-2023**


- દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ ..... 38
- BRO વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ બનાવશે ..... 38
- ડેમ સેફ્ટી અંગે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન ..... 39
- QUESTION ANSWERS ..... 40


**15 SEP.-2023**


- દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર, એન્જિનિયર દિવસ, આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ, વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ ..... 41
- શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ 2022 ..... 42
- QUESTION ANSWERS ..... 44


**16 SEP.-2023**


- દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ ..... 45
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુના હસ્તે 'રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન' (NeVA)નું ઉદ્ઘાટન ..... 45
- QUESTION ANSWERS ..... 48

ONE LINER ..... 49

QUESTION OF THIS WEEK ..... 53


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)

### વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ




સમગ્ર વિશ્વમાં આત્મહત્યાની પ્રવૃત્તિ રોકવા માટે તથા એ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 10 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંગે વર્ષ 2003થી વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો છે.
- 10 સપ્ટેમ્બર, 2003ના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના સહયોગથી 'ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યુસાઈડ પ્રિવેન્શન' (IASP) દ્વારા પહેલ તરીકે ચિહ્નિત કરવામાં આવી હતી.
- સફળ પ્રથમ વર્ષ પછી WHO ઔપચારિક રીતે 2004માં ફરીથી ઈવેન્ટને સહ–સ્પોન્સર કરવા માટે સંમત થયું અને તેને વાર્ષિક માન્યતા દિવસ બનાવ્યો.
- IASP આ દિવસને ચિહ્નિત કરવા માટે 60 દેશોમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરે છે.
- વર્ષ 2023ના 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની થીમ 'Creating hope through action' છે.

નોંધ: ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યુસાઈટ પ્રિવેન્શન (IASP) એ એક આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Adopt a Heritage 2.0 and e-Permission Portal

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)એ 'વિરાસત ભી, વિકાસ ભી'ના વિઝનને અનુરૂપ આગળ આવતા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની બહેતર જાળવણી અને કાયાકલ્પ કરવામાં મદદ કરવા માટે 'એડોપ્ટ એ હેરિટેજ 2.0' પ્રોગ્રામ શરૂ કર્યો હતો.



- તથા 'ઈ–પરમિશન પોર્ટલ'ના લોન્ચની સાથે 'ઈન્ડિયન હેરિટેજ' નામની ઈઝી ટુ યુઝ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે.

## ભારતીય હેરિટેજ એપ

તે ભારતના હેરિટેજ સ્મારકોનું પ્રદર્શન કરશે.

- આ એપમાં ફોટોગ્રાફસ સાથે સ્મારકોની રાજ્યવાર વિગતો, ઉપલબ્ધ જાહેર સુવિધાઓની યાદી, જીઓ–ટેગ કરેલા સ્થાનો અને નાગરિક માટે ફીડબેક મિકેનિઝમ દર્શાવવામાં આવશે.

## ઈ-પરમિશન પોર્ટલ

ઈ–પરમિશન પોર્ટલ સ્મારકો પર ફોટોગ્રાફી, ફિલ્માંકન અને વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે પરવાનગી મેળવવા માટે છે.

- આ પોર્ટલ વિવિધ પરવાનગીઓ મેળવવાની પ્રક્રિયાને ઝડપી ટ્રેક કરશે અને ઓપરેશનલ અને લોજિસ્ટિકલ અવરોધોને દૂર કરશે.

## Adopt a Heritage 2.0 Programme

આ પ્રોગ્રામ વર્ષ 2017માં શરૂ કરવામાં આવેલી અગાઉની યોજના (એડોપ્ટ એ હેરિટેજ)નું સુધારેલું સંસ્કરણ છે.

- જે પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ (AMASR), 1958 મુજબ વિવિધ સ્મારકો માટે માંગવામાં આવતી વિશેષતાઓને સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરે છે.
- હિસ્સેદારો સમર્પિત વેબ પોર્ટલ દ્વારા સ્મારક પર ચોક્કસ વિશેષતાઓને અપનાવવા માટે અરજી કરી શકે છે, જેમાં દત્તક લેવા માટે માંગવામાં આવેલા સ્મારકોની વિગતો હોય છે.
- એડોપ્ટ એ હેરિટેજ 2.0 પ્રોગ્રામનો હેતુ કોર્પોરેટ હિસ્સેદારો સાથે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. જેના દ્વારા તેઓ આગામી પેઢીઓ માટે આ સ્મારકોના સંરક્ષણમાં યોગદાન આપી શકે.
- તેનો સમયગાળો શરૂઆતમાં પાંચ વર્ષ માટે રહેશે, જે વધુ પાંચ વર્ષ માટે લંબાવી શકાય છે.

## એડોપ્ટ એ હેરિટેજ યોજના

એડોપ્ટ એ હેરિટેજ યોજના પ્રવાસન મંત્રાલય, સંસ્કૃતિ મંત્રાલય ASI અને રાજ્ય/કેન્દ્ર સરકારો વચ્ચેનો સહયોગી પ્રયાસ છે.

- તે સપ્ટેમ્બર 2017 (વિશ્વ પ્રવાસન દિવસ)ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.
- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય જાહેર ક્ષેત્રની કંપનીઓ, ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને કોર્પોરેટ સાથે સંકળાયેલા નાગરિકો/વ્યક્તિઓને આપણા વારસા અને પ્રવાસનને વધુ ટકાઉ બનાવવાની જવાબદારી લેવા માટે સામેલ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તે <u>ASI</u> દ્વારા રાજ્યની હેરિટેજ સાઈટ્સ અને દેશના મહત્ત્વના પ્રવાસન સ્થળો પર વિશ્વસ્તરીય પ્રવાસી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓના વિકાસ, સંચાલન અને જાળવણી દ્વારા હાંસલ કરવાનું છે.

**નોંધ:** (1) <u>ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)</u>એ પુરાતત્વીય સંશોધન અને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટેની મુખ્ય સંસ્થા છે.

(2) તેનું મુખ્ય કાર્ય <u>પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને રાષ્ટ્રીય મહત્ત્વના અવશેષોની</u> જાળવણી કરવાનું છે.

(3) ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ <u>સંસ્કૃતિ મંત્રાલય</u> હેઠળ કામ કરે છે.



**1.** કયા દિવસે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 સપ્ટેમ્બર (B) 10 સપ્ટેમ્બર (C) 11 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર **(B)**

**2.** તાજેતરમાં સમાચારમાં રહેલ Adopt a heritage 2.0 Programme વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પ્રોગ્રામ વર્ષ 2017માં શરૂ કરવામાં આવેલી અગાઉની યોજના (એડોપ્ટ એ હેરિટેજ)નું સુધારેલું સંસ્કરણ છે.
2. તેનો હેતુ કોર્પોરેટ હિસ્સેદારો સાથે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે જેના દ્વારા તેઓ આગામી પેઢીઓ માટે આ સ્મારકોના સંરક્ષણમાં યોગદાન આપી શકે છે.
3. તેનો સમયગાળો શરૂઆતમાં 2 વર્ષ માટે રહેશે, જે વધુ ત્રણ વર્ષ માટે લંબાવી શકાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(A)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**3.** ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે ભારતમાં પુરાતત્વીય સંશોધન અને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટેની મુખ્ય સંસ્થા છે.

(B) તે સંસ્કૃતિક મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

## દિવસ મહિમા : 11 સપ્ટેમ્બર, રાષ્ટ્રીય વન શહીદ દિવસ




દર વર્ષે 11 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય વન શહીદ દિવસ' (National Forest Martyrs Day) તરીકે ઉજવવામાં આવે છે.

- કેન્દ્ર સરકાર દ્વારા આ દિવસ વન અને વન્યજીવોના સંરક્ષણ તેમજ સંવર્ધન દરમિયાન ફરજ બજાવતા શહીદ થયેલા વન વિભાગના ફ્રન્ટલાઈન સ્ટાફ જેવા કે વનરક્ષક, વનપાલ, પરિક્ષેત્ર વન અધિકારીઓ અને અન્ય અધિકારીઓના માનમાં ઉજવવામાં આવે છે.

### વનપાલ સ્મારક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે 11 સપ્ટેમ્બર, 2023ના રોજ 'રાષ્ટ્રીય વન શહીદ દિવસ' નિમિત્તે વન ચેતના કેન્દ્ર, ગાંધીનગર ખાતે ગુજરાતના પ્રથમ 'વનપાલ સ્મારક'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિનિટમેન 3 મિસાઈલનું પરિક્ષણ



યુએસ એરફોર્સે તાજેતરમાં કેલિફોર્નિયામાં વેન્ડેનબર્ગ એરફોર્સ બેઝ પરથી મિનિટમેન 3 ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICMB)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- જોકે પરીક્ષણ નિયમિત હતું, યુએસ અને ઉત્તર કોરિયા વચ્ચે વધતા તણાવો વચ્ચે તેના સમયની ટીકા કરવામાં આવી હતી.
- મિનિટમેન 3 મિસાઈલ પરીક્ષણ યુએસ ઓપરેશનલ તૈયારીની પૃષ્ટિ કરી છે.
- આ પરીક્ષણો સંભવિત પ્રતિસ્પર્ધીઓ માટે અમેરિકાની વિશ્વસનીય પરમાણુ શક્તિનો સંકેત આપતા અવરોધકની વિશ્વસનીયતા જાળવી રાખે છે.
- આ પરીક્ષણ અમેરિકાની વ્યૂહાત્મક સ્થિરતા જાળવી રાખવાની ક્ષમતા દર્શાવે છે.
- તે આક્રમકતાના ઊંચા ખર્ચ પર ભાર મૂકે છે, વૈશ્વિક પરમાણુ પ્રતિરોધકતા વધારવા અને પરમાણુ શસ્ત્રોના ઉપયોગને અટકાવે છે.

# NASAના MOXIE ઉપકરણએ મંગળગ્રહ પર સફળતાપૂર્વક ઓક્સિજનનું નિર્માણ કર્યું



નાસાએ પર્સિવરેન્સ માર્સ રોવર પર તેના 'mars oxygen In-Situ Resource Utilization Experiment' (MOXIE)ની સફળતાપૂર્વક પૂર્ણતાની જાહેરાત કરી છે.

- MOXIEની સફળતા એ અવકાશયાત્રીઓને તેમના પોતાના ઓક્સિજન અને રોકેટ પ્રોપેલન્ટનું ઉત્પાદન કરીને લાલ ગ્રહ પર લાંબાગાળાના સંશોધન અને ટકાઉપણાને ટકો આપીને મંગળ પર 'જમીનની બહાર રહેવા' સક્ષમ કરવા તરફનું પગલું છે.

## MOXIE શું છે ?

MOXIEનું પૂરું નામ 'માર્સ ઓક્સિજન ઈન–સીટૂ રિસોર્સ યુટિલાઈઝેશન એક્સ્પેરિમેન્ટ' છે.

- આ ઉપકરણ લગભગ માઈક્રોવેવ ઓવન જેવડું જ છે.
- તેમણે મંગળ પર કાર્બન ડાયોક્સાઈડ (CO2)ને ઓક્સિજનમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા દર્શાવી છે.
- આ ટેક્નોલોજી પ્રગતિ મંગળ પરના ભાવિ માનવ મિશનમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે, જે શ્વાસ લઈ શકાય તેવી હવા અને રોકેટ પ્રોપેલન્ટનો ટકાઉ સ્ત્રોત પૂરો પાડે છે.
- MOXIEએ મંગળ પર તેના ઓપરેશન પછી કુલ 122 ગ્રામ ઓક્સિજન ઉત્પન્ન કર્યો છે, જે નાસાના મૂળ લક્ષ્યો કરતા વધી ગયો છે.
- તેની ટોચની કાર્યક્ષમતા પર તે પ્રતિ કલાક 12 ગ્રામ ઓક્સિજન ઉત્પન્ન કરે છે, જે પ્રારંભિક લક્ષ્ય કરતા બમણું છે.
- તે મંગળના પાતળા વાતાવરણમાંથી પમ્પ કરાયેલા કાર્બન ડાયોક્સાઈડના દરેક પરમાણુમાંથી એક ઓક્સિજન અણુ અલગ કરીને મોલેક્યુલર ઓક્સિજન ઉત્પન્ન કરે છે.

## પર્સિવરન્સ રોવર

પર્સિવરન્સ રોવર એ ખગોળીય વિજ્ઞાનનું એક મિશન છે, જે નાસાના મંગળ 2020 મિશનના ભાગરૂપે મંગળ પર સંશોધન કરવા રચાયેલ છે.

- આ મિશન મંગળના ભૂસ્તરશાસ્ત્રને વધુ સારી રીતે સમજવા અને પ્રાચીન જીવનના ચિન્હો શોધવા માટે રચાયેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે મંગળના ખડક, તુટેલા ખડક અને ધૂળને એકત્રિત કરવા માટેનું આ પ્રથમ મિશન છે.

નોંધ: (1) માર્સ અથવા મંગળ 2020 મિશન જુલાઈ 2020માં લોન્ચ કરવામાં આવ્યું હતું, તે નાસાના મંગળ સંશોધન કાર્યક્રમનો એક ભાગ છે.

(2) મંગળ 2020 મિશનને 'એટલાસ વી લોન્ચ વ્હીકલ'ની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું.

(3) આ રોવરમાં એક ઈન્જેન્યુટી હેલિકોપ્ટર પણ હતું. જે મંગળ પર ઉડાન ભરનાર પ્રથમ હેલિકોપ્ટર છે.

(4) ઈન્જેન્યુટી હેલિકોપ્ટરે મંગળ પર ઉડાન ભરી હતી તે જગ્યાને 'રાઈટ બ્રધર્સ ફિલ્ડ' નામ આપ્યું છે.

## ઝારખંડમાં યુનિવર્સલ પેન્શન યોજનામાં ટ્રાન્સજેન્ડર સમુદાયનો સમાવેશ



સામાજિક સમાવેશ તરફ પ્રથમ પગલું ભરતા ઝારખંડ સરકારે તેની સાર્વત્રિક પેન્શન યોજનાનો વ્યાપ વિસ્તરીને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનો સમાવેશ કર્યો છે.

- નવી અમલમાં આવેલી મુખ્યમંત્રી રાજ્ય સામાજિક સુરક્ષા પેન્શન યોજના હેઠળ પાત્ર ટ્રાન્સજેન્ડર લાભાર્થીઓ માસિક નાણાકીય સહાય માટે હકદાર છે.
- આ પરિવર્તનકારી પહેલ માત્ર નાણાકીય સહાય જ નહીં પરંતુ ટ્રાન્સજેન્ડર સમુદાય માટે એકીકરણ અને સામાજિક સુરક્ષા પર પણ ભાર મૂકે છે.
- આ પેન્શન યોજના માટે પાત્ર બનવા માટે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓએ ચોક્કસ માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે.
- તેઓની ઉંમર 18 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ, માન્ય મતદાર આઈ.ડી. કાર્ડ ધરાવતું હોવું જોઈએ અને ડેપ્યુટી કમિશનરની ઓફિસમાંથી પ્રમાણપત્ર મેળવેલું હોવું જોઈએ.
- ઝારખંડ સરકારની પહેલનું એક મહત્ત્વનું પાસુ ભેદભાવનો સામનો કરવા માટેની તેની પ્રતિબદ્ધતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં કયા દિવસે 'રાષ્ટ્રીય વન શહીદ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 સપ્ટેમ્બર (B) 12 સપ્ટેમ્બર (C) 13 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર **(A)**

2. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 11 સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય વન શહીદ દિવસ' નિમિત્તે કયા સ્થળે ગુજરાતના પ્રથમ 'વનપાલ સ્મારક'નું લોકાર્પણ કર્યુ હતું ?

(A) અમદાવાદ (B) બનાસકાંઠા
(C) ગાંધીનગર (D) વલસાડ **(C)**

3. તાજેતરમાં કયા દેશે 'મિનિટમેન 3 મિસાઈલ'નું પરીક્ષણ કર્યુ હતું ?

(A) જાપાન (B) રશિયા (C) ઉત્તર કોરિયા (D) અમેરિકા **(D)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'MOXIE' શું છે ?

(A) રશિયા દ્વારા યુક્રેન પર ફેંકાયેલ એક બોમ્બર
(B) દક્ષિણ આફ્રિકાના જંગલોમાંથી મળેલ એક વાયરસ
(C) ISROના આદિત્ય L1 મિશને શોધેલ એક એસ્ટરોઈડ
(D) NASAના પર્સિવરેન્સ રોવરનું એક ઉપકરણ **(D)**

5. તાજેતરમાં NASAના MOXIE ઉપકરણે કયા ગ્રહ પર સફળતાપૂર્વક ઓક્સિજનનું નિર્માણ કર્યુ છે ?

(A) મંગળ (B) ગુરૂ
(C) શની (D) એકપણ નહીં **(A)**

6. તાજેતરમાં કયા રાજ્યએ યુનિવર્સલ પેન્શન યોજનામાં ટ્રાન્સજેન્ડર સમુદાયનો સમાવેશ કર્યો હતો ?

(A) રાજસ્થાન (B) ઝારખંડ
(C) હરિયાણા (D) મેઘાલય **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 સપ્ટેમ્બર, દક્ષિણ-દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for South-South Cooperation)



સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 12 સપ્ટેમ્બરના રોજ 'દક્ષિણ–દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ વિકાસશીલ દેશો વચ્ચે સહયોગ માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રકાશિત કરે છે.
- તે દક્ષિણ ક્ષેત્રમાં સ્થિત દેશોના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ માટે એક પહેલ છે.
- મૂળભૂત રીતે દક્ષિણ–દક્ષિણ સહકાર વૈશ્વિક દક્ષિણમાં વિકાસશીલ દેશો વચ્ચે 'તકનીકી સહકાર'નો સંદર્ભ આપે છે.

## છત્રપતિ શિવાજી મહારાજના વાઘ નખ બ્રિટનથી પરત લાવવામાં આવશે

તાજેતરમાં બ્રિટનના સત્તાધીશો છત્રપતિ શિવાજી મહારાજના 'વાઘ નખ' પરત આપવા સંમત થયા છે.

- આ વાઘ નખનો ઉપયોગ છત્રપતિ શિવાજી મહારાજે 1659માં બીજાપુર સલ્તનતના સેનાપતિ અફઝલ ખાનને મારવા માટે કર્યો હતો.
- આ માટે લંડનનું વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમ એક MoU પર હસ્તાક્ષર કરશે. અને વાઘ નખ પરત લાવવામાં આવશે.
- નોંધનીય છે કે વાઘ નખ ઉપરાંત છત્રપતિ શિવાજી મહારાજની જગદંબા તલવાર અને અન્ય કલાકૃતિઓને પણ પરત લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.



### વાઘ નખ શું છે ?

ધાતુના પંજાનું બનેલું વાઘ નખ એક હથિયાર છે.

- જેને હાથની ઉપર કે નીચેની બાજુએ પહેરી શકાય છે.
- હકીકતમાં તેને હાથની નીચે છુપાવી રાખી શકાય તે રીતે ડિઝાઈન કરાયું હોય છે.
- તેમાં ચાર કે પાંચ વક્ર બ્લેડ હોય છે જે ક્રોસબાર અથવા ગ્લોવ સાથે જોડાયેલા હોય છે. અને સ્નાયુઓ અથવા ત્વચા તોડવા માટે રચાયેલ હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મહારાષ્ટ્રના લોકો માટે ઈતિહાસમાં તેનું વિશેષ સ્થાન છે.
- વાઘ નખ મુખ્યત્વે 17મી અને 18મી સદીના મરાઠા સામ્રાજ્ય સાથે જોડાયેલ છે.
- મોટા ભાગના વાઘ નખ અનુક્રમે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને મધ્યપ્રદેશના કોલાપોર, સતારા અને ગ્વાલિયર જેવા મહત્ત્વના શહેરોમાંથી આવ્યા હોવાનું જણાય છે.

## શ્રી છત્રપતિ શિવાજી મહારાજ

મરાઠા સામ્રાજ્યના સ્થાપક શ્રી છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ 19 ફેબ્રુઆરી, 1630ના રોજ પૂણેના શિવનેરી કિલ્લામાં થયો હતો.



- તેમના માતાનું નામ જીજાબાઈ તથા પિતાનું નામ શાહજી હતું.
- તથા તેમના આધ્યાત્મિક ગુરૂ રામદાસ અને રાજકીય ગુરુ દાદાજી કોંડદેવ હતા.
- શિવાજીની બાલ્યકાળની કેળવણીમાં માતા જીજાબાઈ તથા કારભારી દાદાજી કોંડદેવનો અમૂલ્ય ફાળો હતો.
- યુવાન વયે શિવાજીને સ્વામી રામદાસનો મેળાપ થયો. તેમની જ્ઞાનસિધ્ધિ અને ઉપદેશોથી પ્રભાવિત થઈને શિવાજીએ 'સ્વધર્મ રક્ષણ અને સ્વરાજ્ય સિધ્ધિનો' દૃઢ સંકલ્પ કર્યો હતો.
- શિવાજીએ 'હિન્દુ પદ બાદશાહી' અંગિકાર કર્યુ હતું. તથા ગાય અને બ્રાહ્મણોની રક્ષા કરવાનું વ્રત લીધું હતું અને 'હિન્દુત્વ–ધર્મોધ્ધારક'ની ઉપાધી મેળવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શિવાજીના વિજયો

શિવાજીના પિતા શાહજીએ તેમને 12 વર્ષની વયે પુનાની જાગીરદારી સોંપી હતી.

- ઈ.સ. 1646માં શિવાજીએ સૌપ્રથમ તોરલગઢનો કિલ્લો જીત્યો હતો.
- ઈ.સ. 1647માં કોંકણ અને રાયગઢ કિલ્લા જીત્યા તેમજ પુરંદર, રોહિડા, તિકોના, લોહગઢ વગેરે કિલ્લાઓ જીત્યા હતા.
- તેમણે માવલાજાતિના લોકોનું સંગઠન બનાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ગેરીલા યુદ્ધ પદ્ધતિ પણ વિકસાવી હતી.
- શિવાજીના વિજયો અને વધતી જતી સત્તા બિજાપુરની સલ્તનત માટે ખતરારૂપ લાગતા સુલતાન આદિલશાહે અફઝલખાન નામના સેનાપતિને 1200 સૈનિકો સાથે શિવાજીને કેદ કરવા મોકલ્યો હતો. પરંતુ પ્રતાપગઢ પાસેના 'પાર' ગામે મુલાકાતમાં શિવાજીએ વાઘનખ અને બખ્તરની મદદથી અફઝલખાન સાથે ભેટતી સમયે સમય સૂચકતા વાપરી અફઝલખાનનો વાઘનખથી વધ કર્યો હતો. આ બનાવથી મુઘલ સમ્રાટ ઔરંગઝેબ ચોંકી ઉઠયા. તેમણે ઈ.સ. 1656માં સાઈસ્તખાનને શિવાજી પર આક્રમણ કરવા મોકલ્યા પરંતુ શિવાજીએ ઈ.સ. 1663માં પૂણેમાં 'લાલ મહલ' પર હુમલો કરી સાઈસ્તખાનને ભગાડયા.

- આ આક્રમણના કારણે મુઘલ સેનાને ઘણું નુકસાન થયું હતું તથા શિવાજીની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો.
- ઔરંગઝેબે સાઈસ્તાનખાનને નિષ્ફળતા મળવાથી આમેરના મિર્ઝા રાજા જયસિંહને શિવાજી સાથે લડવા મોકલ્યા હતા. જેમાં જયસિંહની જીત થઈ હતી.
- તેથી  પુરંદરમાં મુઘલોનો વિજય થયો હતો અને રાયગઢમાં પણ ઘેરાબંદી કરી ઈ.સ. 1665માં શિવાજીએ 'પુરંદરની સંધિ' કરી હતી. પુરંદરની આ સંધિ શિવાજી અને જયસિંહ વચ્ચે થઈ હતી.
- ઈ.સ.1666 શિવાજી જયસિંહના આશ્વાસન પર ઔરંગઝેબને મળવા આગ્રા આવ્યા, પરંતુ દરબારમાં યોગ્ય સન્માન ન મળવાથી દરબારમાંથી ઉઠી ગયા.
- ઔરંગઝેબે તેમને કૈદ કરી લીધા અને "જયપુર ભવન" આગ્રામાં નજરકેદ રાખ્યા હતા.
- પરંતુ હોંશિયારીથી શિવાજી ત્યાંથી પલાયન થઈ ગયાં.
- શિવાજીએ ઈ.સ. 1664 અને ઈ.સ. 1670માં મુઘલ સામ્રાજ્યનું સમૃધ્ધ બંદર સૂરત લૂંટયું.
- ઈ.સ. 1670માં શિવાજીએ સિંહગઢનો કિલ્લો મેળવવા માટે કરેલા સંઘર્ષ દરમિયાન તાનાજી માલસુરે નામના સરદાર ગુમાવ્યા હતા. તેમના માટે શિવાજીએ ઉદ્‌ગાર વ્યક્ત કરતા કહયું હતું કે, 'ગઢ આલા, પણ સિંહ ગેલા.' ત્યાર બાદ કોંડાણાના કિલ્લાનું નામ તાનાજી માલસૂરેના બલિદાનને કારણે સિંહગઢ રાખવામાં આવ્યું હતું.
- ઈ.સ. 1674માં શિવાજીએ રાયગઢના કિલ્લામાં વિશ્વેશ્વર ગંગાભટ્ટ પાસે રાજ્યાભિષેક કરાવી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે 'છત્રપતિ' નામ ધારણ કર્યું. 12 એપ્રિલ, 1680ના રોજ શિવાજીનું મૃત્યું થયું હતું.

## પશ્ચિમ બંગાળ પોઈલા વૈશાખને રાજ્ય સ્થાપના દિવસ તરીકે ઉજવશે

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ તાજેતરમાં બંગાળી કેલેન્ડરના પ્રથમ દિવસ 'પોઈલા વૈશાખ'ને 'બાંગ્લા દિવસ' અથવા 'પશ્ચિમ બંગાળ સ્થાપના દિવસ' તરીકે જાહેર કરીને એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

- અગાઉ વર્ષ 2023માં પશ્ચિમ બંગાળના સ્થાપના દિવસને લઈને એક વિવાદ સામે આવ્યો હતો. જ્યારે રાજભવનને સત્તાવાર રીતે 20 જૂનને રાજ્ય સ્થાપના દિવસ તરીકે જાહેર કર્યો હતો.
- ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીશ્રીએ દલીલ કરી હતી કે 20 જૂન વિભાજન સાથે સંબંધિત છે, તે રાજ્યની સ્થાપના સાથે સંબંધિત નથી.
- સાથે વિધાનસભાએ શ્રી રવિન્દ્રનાથ ટાગોરના 'બાંગ્લાર માટી બાંગ્લાર જોલ'ને પશ્ચિમ બંગાળનું સત્તાવાર રાજ્ય ગીત બનાવવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી.

- પોઈલા વૈશાખ એ પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, ઝારખંડ અને આસામમાં બંગાળી સમુદાયો દ્વારા ઉજવવામાં આવતો એક મહત્વપૂર્ણ તહેવાર છે.
- તે બાંગ્લાદેશમાં પણ ઉજવવામાં આવે છે.
- પોઈલા વૈશાખ બંગાળી નવા વર્ષનું પ્રતીક છે.

## US OPEN ટેનિસ ટુર્નામેન્ટ 2023

તાજેતરમાં 28 ઓગસ્ટથી 10 સપ્ટેમ્બર, 2023 દરમિયાન અમેરિકાના ન્યુયોર્ક ખાતે 143મી US OPEN ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- જેમાં સર્બિયાના શ્રી નોવાક જોકોવિચે રશિયાના શ્રી ડેનિલ મેદવેદેવ(અથવા મેડવેડેવ)ને પરાજય આપીને ‘મેન્સ સિંગલ્સ’નું ટાઈટલ જીતી લીધુ છે.
- આ સાથે તેમણે આ 24મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યું છે.
- જ્યારે ‘વિમેન્સ સિંગલ્સ’ સ્પર્ધામાં અમેરિકાના 19 વર્ષીય સુશ્રી કોકો ગોફેએ બેલારૂસના સુશ્રી અરીના સબાલેન્કોને પરાજય આપીને ‘વિમેન્સ સિંગલ્સ’નું ટાઈટલ જીતી લીધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### US OPEN 2023 વિજેતા ખેલાડી

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક જોકોવિચ (સર્બિયા) | શ્રી ડેનિલ મેદવેદેવ (રશિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી કોકો ગોફે (અમેરિકા) | સુશ્રી અરીના સબાલેન્કો (બેલારુસ) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી રાજીવ રામ (અમેરિકા) | શ્રી રોહન બોપાન્ના (ભારત) |
| | | શ્રી જો સેલિસ બરી (બ્રિટન) | શ્રી મેથ્યુ એબ્ડન (ઓસ્ટ્રેલિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી ગેબ્રિએલા કાબ્રોવસ્કી (કેનેડા) | સુશ્રી વેરા ઝવોનારેવા (રશિયા) |
| | | સુશ્રી એરિન રાઉટલિફ (ન્યુઝીલેન્ડ) | સુશ્રી લૌરા સિગેમન્ડ (જર્મની) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી અન્ના ડેનિલિના (કઝાકિસ્તાન) | સુશ્રી જેસિકા પેગુલા (અમેરિકા) |
| | | શ્રી હેરી હેલી ઓવરા (ફિનલેન્ડ) | શ્રી ઓસ્ટિન ક્રાજિસેક (અમેરિકા) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  (2) ફ્રેન્ચ ઓપન
  (3) વિમ્બલ્ડન
  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'દક્ષિણ–દક્ષિણ સહયોગ માટે આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 સપ્ટેમ્બર (B) 12 સપ્ટેમ્બર (C) 13 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર — (B)

2. કયા દેશમાંથી છત્રપતિ શિવાજી મહારાજના 'વાઘ નખ' પરત લાવવામાં આવશે ?

(A) કેનેડા (B) ઓસ્ટ્રેલિયા (C) બ્રિટન (D) અમેરિકા — (C)

3. કયા રાજાએ શિવાજીને નજર કેદ કર્યા હતા ?

(A) ઔરંગઝેબ (B) શાહજહાં (C) અકબર (D) જહાંગીર — (A)

4. છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક કયાં થયો હતો ?

(A) રાયગઢ (B) તોરણ (C) સિંહગઢ (D) રોહીડા — (A)

5. છત્રપતિ શિવાજીના નામ સાથે નીચેના પૈકી કઈ બાબત વિશેષ સંકળાયેલી છે ?

(A) અષ્ટવિનાયક (B) અષ્ટાંગ યોગ (C) અષ્ટપ્રધાન મંડળ (D) અષ્ટ રાખા — (C)

6. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર કયું રાજ્ય 'પોઈલા વૈશાખ'ને રાજ્ય સ્થાપના દિવસ તરીકે ઉજવશે ?

(A) પશ્ચિમ બંગાળ (B) ઓડિશા (C) આસામ (D) ત્રિપુરા — (A)

7. 'US OPEN ટેનિસ ટુર્નામેન્ટ 2023'માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ જણાવો ?

(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી કાર્લોસ અલ્કારાઝ

(C) શ્રી નિક કિર્ગીયોસ (D) શ્રી નોવાક જોકોવિચ — (D)

8. 'US OPEN ટેનિસ ટુર્નામેન્ટ 2023'માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ જણાવો ?

(A) સુશ્રી ઈગા સ્વયાતેક (B) સુશ્રી ઓન્સ જાબેર

(C) સુશ્રી કોકો ગોફે (D) સુશ્રી અરીના સબાલેન્કો — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નવી દિલ્હીમાં 18મી G20 સમિટ

18મી G20 સમિટ ભારતના નવી દિલ્હીમાં 9 અને 10 સપ્ટેમ્બર, 2023ના રોજ યોજાઈ હતી.




- ભારતે પ્રથમ વખત G20 લીડર્સ સમિટનું આયોજન કર્યુ હતું.
- આ સમિટ નવી દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે ભારત મંડપમમાં યોજાઈ હતી.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિ શ્રી લુઈસ ઈનાસિયો લૂલા દા સિલ્વિાને પરંપરાગત ગેવલ (એક પ્રકારનો હથોડો) સોંપી G20ની અધ્યક્ષતા સોંપી હતી.
- હવે 2024માં બ્રાઝિલ G20ની અધ્યક્ષતા કરશે.
- 1 ડિસેમ્બર, 2022ના રોજ ભારતે ઈન્ડોનેશિયા પાસેથી એક વર્ષ માટે G20નું અધ્યક્ષ પદ સંભાળ્યું હતું.
- ભારત 30 નવેમ્બર, 2023 સુધી G20નું અધ્યક્ષપદ સંભાળશે ત્યારબાદ બ્રાઝિલ 2024 માટે G20નું અધ્યક્ષપદ સંભાળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારતની G20 અધ્યક્ષતાનો લોગો અને થીમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિસેમ્બર 2022માં G20ના અધ્યક્ષપદ માટે ભારતના લોગો, થીમ અને વેબસાઈટનું અનાવરણ કર્યુ હતું.




- G20 અધ્યક્ષતાનો લોગો, થીમ અને વેબસાઈટ ભારતનો સંદેશ અને વિશ્વની સર્વોચ્ચ પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે.
- G20ના લોગોમાં કમળનું પ્રતીક અને થીમ દર્શાવવામાં આવી છે.
- લોગોમાં કમળ એ આશાનું પ્રતીક છે.
- જેમાં સાત કમળની પાંખડીઓ સાત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે.
- ભારતના G20ના અધ્યક્ષ પદની થીમ 'વસુધૈવ કુટુંબકમ' – એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય (One Earth, One Family, One Future) છે.
- નોંધનીય છે કે G20 લોગોના રંગ ભારતના રાષ્ટ્રધ્વજના રંગોમાંથી પ્રેરણા લે છે.

# G20 સમિટ 2023ના મુખ્ય પરિણામો

## G20 નવી દિલ્હી ઘોષણાપત્ર

**G20 શિખર સંમેલનમાં ભારતને મોટી સફળતા મળી છે.**

- આ સમિટમાં 'G20 નવી દિલ્હી ઘોષણાપત્ર' (G20 New Delhi Declaration) સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.
- આ ઘોષણાપત્રમાં નવ વાર ભારતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- 'G20 નવી દિલ્હી ઘોષણાપત્ર' વિવિધ વૈશ્વિક મુદ્દાઓને સંબોધિત કરે છે અને G7 દેશો તથા રશિયા–ચીન બ્લોક વચ્ચે સર્વસંમતિ બનાવવાના પ્રયાસો દર્શાવે છે.
- જોકે મોટાભાગનું ધ્યાન યુક્રેન–રશિયા સંઘર્ષ પર કેન્દ્રિત છે.
- આ ઘોષણા ટકાઉ વિકાસ, લિંગ સમાનતા, આતંકવાદ વિરોધી અને અન્ય બાબતો સાથે દસ પ્રકરણોમાં વિષયોની વિશાળ શ્રેણીને આવરી લે છે.
- આ ઘોષણામાં ભારતના G20 પ્રેસિડેન્સી દરમિયાન શરૂ કરાયેલા તમામ જોડાણ જૂથો અને પહેલોને પણ માન્યતા આપવામાં આવી છે.
- તે ભાવી G20 અધ્યક્ષપદ માટેનો તબક્કો સુયોજિત કરે છે, જેમાં 2024માં બ્રાઝિલ, 2025માં દક્ષિણ આફ્રિકા અને 2026માં અમેરિકાનો સમાવેશ થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આફ્રિકન યુનિયનનો G20ના કાયમી સભ્ય તરીકે સમાવેશ



**G20 હવે G21.**

- G20 નેતાઓ આફ્રિકન યુનિયનને G20ના સ્થાયી સભ્ય તરીકે સ્વીકારવા સંમત થયા હતા.
- જે ફોરમમાં વિકાસશીલ દેશોનું પ્રતિનિધિત્વ વધારવાની દિશામાં એક મોટું પગલું છે.
- G20માં આફ્રિકન યુનિયન (AU)ની સદસ્યતા વૈશ્વિક વેપાર, નાણાં અને રોકાણને ફરીથી આકાર આપવાની તક આપે છે અને G20ની અંદર ગ્લોબલ સાઉથને વધુ મોટો અવાજ પૂરો પાડશે.
- તે G20ની અંદર આફ્રિકન હિતો અને દૃષ્ટિકોણને સાંભળવા અને ઓળખવાની મંજૂરી આપે છે.
- આફ્રિકન યુનિયનમાં 55 આફ્રિકન સભ્ય દેશોનો સમાવેશ થાય છે.

- 1963માં આફ્રિકાના સ્વતંત્ર દેશો દ્વારા આફ્રિકન એકતાના સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થાનો હેતુ આફ્રિકન દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાનો હતો.
- ત્યારબાદ 1980નો લાગોસ પ્લાન ઓફ એક્શન ઓર્ગેનાઈઝેશન ઓફ આફ્રિકન યુનિટી દ્વારા અપનાવવામાં આવ્યો હતો. આ યોજનાએ સૂચવ્યું હતું કે આફ્રિકાએ આંતર–આફ્રિકન વેપારને પ્રોત્સાહન આપીને પશ્ચિમ પર નિર્ભરતા ઘટાડવી જોઈએ.
- જોકે વર્ષ 2002માં આફ્રિકન યુનિયન દ્વારા આફ્રિકન એકતાનું સંગઠન સફળ થયું હતું, જે 'ખંડના આર્થિક સંકલન'ને વેગ આપવાનું તેના લક્ષ્યોમાંનું એક હતું.

## ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ (GBA)

નવી દિલ્હીમાં G20 સમિટ દરમિયાન 'ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ' (GBA) સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું હતું.




- GBA એ ભારતના G20 અધ્યક્ષપદ હેઠળની એક મુખ્ય પહેલ છે.
- અને તેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સહયોગ અને ટકાઉ બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ વૈશ્વિક બાયોફ્યુઅલ વેપારને સરળ બનાવવા અને રાષ્ટ્રીય જૈવ ઈંધણ કાર્યક્રમોને ટેકનિકલ સહાય પૂરી પાડવાનો છે.
- તે PM-JIWAN યોજના, START અને GOBAR DHAN યોજના જેવા ભારતના હાલના બાયોફ્યુઅલ કાર્યક્રમોને વેગ આપવામાં મદદ કરશે.
- ભારત, યુએસ, બ્રાઝિલ, આર્જેન્ટિના, બાંગ્લાદેશ, ઈટાલી, મોરેશિયસ, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાત સહિત નવ દેશો દ્વારા જોડાણની શરૂઆત કરવામાં આવી હતી.
- GBA સભ્યો જૈવ ઈંધણના મુખ્ય ઉત્પાદકો અને ગ્રાહકોની રચના કરે છે.
- અમેરિકા (52%), બ્રાઝિલ (30%) અને ભારત (3%), ઉત્પાદનમાં લગભગ 85% અને ઈથેનોલ વપરાશમાં લગભગ 81% ફાળો આપે છે.
- કુલ મળીને 19 દેશો અને 12 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ GBAમાં જોડાવા સંમત થયા છે.
- GBAને ટેકો આપતા દેશો કે જેને G20 માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા તે આ મુજબ છે : બાંગ્લાદેશ, સિંગાપોર, મોરેશિયસ, સંયુક્ત આરબ અમીરાત.

- GBAના બિન–સહાયક દેશો આ મુજબ છે : આઈસલેન્ડ, કેન્યા, ગુયાના, પેરાગ્વે, સેશેલ્સ, શ્રીલંકા, યુગાન્ડા અને ફિનલેન્ડ.
- G20 સમિટના સંદર્ભમાં GBAનું મહત્ત્વ કાર્બન ઉત્સર્જન ઘટાડવા, સ્થિરતા લક્ષ્યો હાંસલ કરવા અને ઊર્જા સુરક્ષા વધારવા સહિતના જટિલ વૈશ્વિક મુદ્દાઓને ઉકેલવાની તેની ક્ષમતામાં રહેલું છે.
- અગ્રણી બાયોફ્યુઅલ ઉત્પાદક અને વપરાશકર્તા દેશોને એકસાથે લાવીને GBA નવીનતાને પ્રોત્સાહન આપી શકે છે, શ્રેષ્ઠ પ્રયાસો શેર કરી શકે છે અને વૈશ્વિક સ્તરે સ્વચ્છ બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપી શકે છે.

## IMEC

IMECનું પૂરું નામ 'India-Middle East-Europe Economic Corridor' છે.

- IMECની સ્થાપના માટે ભારત, US, સાઉદી અરેબિયા, યુરોપિયન યુનિયન, UAE, ફ્રાન્સ, જર્મની અને ઈટાલીની સરકારો વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- IMEC એ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ (PGII) માટે ભાગીદારી તરીકે ઓળખાતી વ્યાપક પહેલનો એક ભાગ છે.
- નોંધનીય છે કે PGII શરૂઆતમાં જૂન 2021માં યુકેમાં G7 સમિટ દરમિયાન રજૂ કરવામાં આવ્યું હતું.
- IMEC એ ભારત, મધ્યપૂર્વ અને યુરોપને જોડતો મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે.
- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રેલવે અને દરિયાઈ માર્ગો સહિત પરિવહન કોરિડોરનું નેટવર્ક સ્થાપિત કરવાનો છે.
- IMECને ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ (BRI)ના પ્રતિભાવ તરીકે જોવામાં આવે છે, જે વૈકલ્પિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક પૂરું પાડે છે.

## નાણાકીય સમાવેશ દસ્તાવેજ માટે G20 વૈશ્વિક ભાગીદારી

વર્લ્ડ બેંક દ્વારા તૈયાર કરવામાં આવેલ G20 ગ્લોબલ પાર્ટનશિપ ફોર ફાઈનાન્શિયલ ઈન્કલુઝન દસ્તાવેજે કેન્દ્ર સરકાર હેઠળ છેલ્લા એક દાયકામાં ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI)ની પરિવર્તનકારી અસરની પ્રશંસા કરી છે.

- દસ્તાવેજ નીચેની પહેલો પર ભાર મૂકે છે જેણે DPI લેન્ડસ્કેપને આકાર આપવા મોટી ભૂમિકા ભજવી હતી :

**(1) પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) સફળતા :**

- **PMJDY ખાતા 147.2 મિલિયન (માર્ચ 2015)થી ત્રણ ગણા વધીને 462 મિલિયન (જૂન 2022) થયા છે.**
- તેમાંથી 56% ખાતાધારકો મહિલાઓ છે, એટલે કે તેમની સંખ્યા 260 મિલિયનથી વધુ છે.
- PMJDY એપ્રિલ 2023 સુધીમાં 12 મિલિયનથી વધુ ગ્રાહકોને આકર્ષિત કરતી વખતે ઓછી આવક ધરાવતી મહિલાઓની બચતને વેગ આપે છે.

**(2) ઝડપી નાણાકીય સમાવેશ :**

- ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અભિગમે માત્ર 6 વર્ષમાં 47 વર્ષની નાણાકીય સમાવેશની પ્રગતિ હાંસલ કરી છે.
- જનધન – આધાર – મોબાઈલ (JAM) ટ્રિનિટીની મદદથી નાણાકીય સમાવેશ દર 2008માં 25%થી વધારીને 6 વર્ષમાં 80%થી વધુ કરવામાં આવ્યો હતો.
- વિવિધ નિયમનકારી માળખા, રાષ્ટ્રીય નીતિઓ અને આધાર–આધારિત ચકાસણીએ DPIની સ્થાપનામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

**(3) UPIના ઉપયોગમાં પ્રગતિશીલ વધારો :**

- યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) મે 2023માં 9.41 અબજથી વધુ UPI વ્યવહારો થયા હતા, જેની કિંમત રૂ. 14.89 ટ્રિલિયન હતી.
- UPI વ્યવહારો નાણાકીય વર્ષ 2022-23માં ભારતના નજીવા GDPના 50%ની નજીક પહોંચ્યો છે.

**(4) સરકારથી વ્યક્તિ ચૂકવણીઓ (G2P) :**

- ભારતના ડિજિટલ G2P આર્કિટેક્ચરે 53 મંત્રાલયોમાં 312 યોજનાઓ દ્વારા લાભાર્થીઓને 361 બિલિયન અમેરિકન ડોલરના ટ્રાન્સફરની સુવિધા આપી છે.
- તેના દ્વારા માર્ચ 2022 સુધીમાં કુલ 33 બિલિયન અમેરિકન ડોલરની બચત થઈ હતી, જે GDPના 1.14% જેટલી છે.

**(5) ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતા :**

- ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI)એ જટિલતા, ખર્ચ અને સમય ઘટાડીને ખાનગી સંસ્થાઓની કામગીરીને સુવ્યવસ્થિત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- કેટલીક NBFCએ 8% ઊંચા SME લોન રૂપાંતરણ દર, ઘસારા ખર્ચમાં 65% બચત અને છેતરપિંડીની શોધમાં 66% ખર્ચમાં ઘટાડો હાંસલ કર્યો છે.
- ભારતમાં બેંકોના ગ્રાહકનો ઓન બોર્ડિંગ ખર્ચ DPI ઉપયોગ સાથે 23 અમેરિકન ડોલરથી ઘટીને 0.1 અમેરિકન ડોલર થયો છે.

**(6) KYC પાલન ખર્ચમાં ઘટાડો :**

- અનુપાલન ખર્ચ 0.12 અમેરિકન ડોલરથી 0.06 અમેરિકન ડોલર સુધી ઘટાડીને વધુ ઓછી આવક ધરાવતા ગ્રાહકોને આકર્ષ્યા છે.

**(7) ક્રોસ બોર્ડર ચુકવણી :**

- UPI-PayNow લિન્કેજ સિંગાપોર સાથે ઝડપી અને સસ્તી ક્રોસ બોર્ડર પેમેન્ટ સુનિશ્ચિત કરે છે.

**(8) એકાઉન્ટ એગ્રીગેટર ફ્રેમવર્ક :**

- 1.13 બિલિયન એકાઉન્ટ્સ 13.46 મિલિયન સંમતિ સાથે ડેટા શેર કરવા સક્ષમ છે.

**(9) DEPA :**

- ડેટા એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન આર્કિટેક્ચર (DEPA)એ વ્યક્તિઓને તેમના ડેટા પર નિયંત્રણ પ્રદાન કરે છે તથા નવીનતા અને સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આબોહવા પરિવર્તન

G20 દેશોએ 2030 સુધીમાં વૈશ્વિક રિન્યુએબલ એનર્જી ક્ષમતાને ત્રણ ગણી કરવાની દિશામાં કામ કરવાનું વચન આપ્યું હતું.

- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકન મુજબ જો આ લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવે તો વર્ષ 2030 સુધીમાં સાત અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનને ટાળી શકાય છે.
- આ ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાના વૈશ્વિક પ્રયાસોને અનુરૂપ છે.
- આ અશ્મિભૂત ઈંધણમાંથી સ્વચ્છ ઊર્જા વિકલ્પોમાં નોંધપાત્ર સંક્રમણ દર્શાવે છે.
- આ ઘોષણા સ્વીકારે છે કે વર્તમાન આબોહવાની ક્રિયા અપૂરતી છે અને પેરિસ કરારના ઉદ્દેશ્યોને હાંસલ કરવા માટે ટ્રિલિયન ડોલરના નાણાકીય ખર્ચની જરૂરિયાતને હાઈલાઈટ કરે છે.
- ઉલ્લેખિત સ્કેલ પર પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાને વિસ્તારવાથી વર્ષ 2030 વચ્ચે આશરે 7 બિલિયન ટન CO2 ઉત્સર્જનને ટાળી શકાય છે.

## વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને પોષણ માટે પ્રતિબદ્ધતા

G20 નેતાઓ ખોરાક અને ઊર્જાના ભાવો સહિત વધતી જતી ચીજવસ્તુઓના ભાવોને સંબોધવાના મહત્ત્વને ઓળખે છે, જે જીવન ખર્ચના દબાણમાં ફાળો આપે છે.

- વૈશ્વિક પડકારો અપ્રમાણસર રીતે સંવેદનશીલ જુથો, ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોને અસર કરે છે, તેથી તેઓ ભૂખ અને કુપોષણને નાબૂદ કરવાનું લક્ષ્ય રાખે છે.
- G20 ઘોષણા વૈશ્વિક ખાદ્ય અને ઊર્જા સુરક્ષા, પુરવઠા શૃંખલા, ફુગાવો અને આર્થિક સ્થિરતા પર યુક્રેન યુદ્ધની માનવીય પીડા અને અસરોને પ્રકાશિત કરે છે.
- G20 દેશોએ બ્લેક સી ગ્રેઈન ઈનિશિયેટિવના સમયસર અને સંપૂર્ણ અમલીકરણ માટે હાકલ કરી હતી.
- G20 પ્રેસિડેન્સી દરમિયાન કૃષિ કાર્યકારી જૂથે બે પાસાઓ પર ઐતિહાસિક સર્વસંમતિ હાંસલ કરી હતી : ખાદ્ય સુરક્ષા અને પોષણ પરના સહસ્ત્રાબ્દી G20 ઉચ્ચ–સ્તરના સિદ્ધાંતો અને MAHARISHI નામની બાજરી પહેલ.
- G20 કૃષિ, ખાદ્ય અને ખાતરમાં પારદર્શક, ન્યાયી અને નિયમો આધારિત વેપારને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.
- તેઓએ નિકાસ પ્રતિબંધો ન લાદવાની, બજારની વિકૃતિઓ ઘટાડવા અને WTO નિયમો સાથે સંરેખિત થવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- G20 દેશોએ પારદર્શિતા વધારવા માટે એગ્રીકલ્ચર મિલ ઈન્ફોર્મેશન સિસ્ટમ (AMIS) અને અર્થ ઓબ્ઝર્વેશન ગ્લોબલ એગ્રીકલ્ચર મોનિટરિંગ ગ્રુપ (GEOGLAM)ને મજબૂત બનાવવાના મહત્ત્વ પર ભાર મૂકયો હતો.
- નોંધનીય છે કે AMIS એ ખાદ્ય બજારની પારદર્શિતા અને ખાદ્ય સુરક્ષા માટે નીતિ પ્રતિભાવ વધારવા માટેનું આંતર–એજન્સી પ્લેટફોર્મ છે.

## નાના હથિયારો અને આતંકવાદીઓના સુરક્ષિત આશ્રય સ્થાનો

2023ની નવી દિલ્હી ઘોષણા અગાઉની G20 ઘોષણાઓ પર આધારિત છે. ખાસ કરીને 2015 તુર્કી ઘોષણા, જેણે આતંકવાદની સખત નિંદા કરી હતી.

- 2022 માટે G20 બાલી નેતાઓની ઘોષણાથી વિપરિત, નવી દિલ્હી ઘોષણાપત્રમાં આતંકવાદ સંબંધિત વિવિધ ચિંતાઓનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નવી દિલ્હી ઘોષણાપત્રમાં G20 દેશોએ સ્પષ્ટપણે તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદની નિંદા કરી છે.
- આ ઘોષણા વૈશ્વિક સંપત્તિ પુનઃપ્રાપ્તિ નેટવર્કને વિસ્તૃત કરવા અને ગુનાહિત પ્રવૃત્તિઓમાંથી મેળવેલા ભંડોળને પુનઃપ્રાપ્ત કરવાના FATFના પ્રયાસોને સમર્થન આપે છે.

## આરોગ્ય સંભાળ

આ G20 સમિટ દિલ્હી નેતાઓની ઘોષણા આરોગ્ય સંભાળ પર ખૂબ ભાર મૂકે છે અને સ્થિતિસ્થાપક આરોગ્ય સંભાળ સિસ્ટમ બનાવવાની જરૂરિયાતને પ્રાથમિકતા આપે છે.

- તે વધુ સ્થિતિસ્થાપક, સમાન, ટકાઉ અને સમાવિષ્ટ આરોગ્ય પ્રણાલીઓનું નિર્માણ કરવા માટે વૈશ્વિક આરોગ્ય પ્રણાલીને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે.
- આ પ્રયાસમાં WHOની કેન્દ્રીય ભૂમિકા છે.
- તેનું લક્ષ્ય પ્રાથમિક આરોગ્ય સંભાળ, આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓ અને આવશ્યક આરોગ્ય સેવાઓને આગામી બે થી ત્રણ વર્ષમાં પૂર્વ મહામારી કરતા વધુ સારા સ્તરે વધારવાનો છે.
- G20 ક્ષય રોગ અને એઈડ્સ જેવા હાલના રોગચાળાને સંબોધવા ઉપરાંત વિસ્તૃત કોવિડ સશોધનના મહત્ત્વને રેખાંકિત કરે છે.
- ભારતના G20 પ્રેસિડેન્સીએ આધુનિક દવા સાથે પુરાવા આધારિત પરંપરાગત તબીબી પદ્ધતિઓના એકીકરણ પર પણ ભાર મૂકયો હતો.

## ક્લાયમેટ ફાઈનાન્સ પ્રતિબદ્ધતા

મેનિફેસ્ટો ક્લાયમેટ ફાઈનાન્સિંગમાં નોંધપાત્ર વધારા પર ભાર મૂકે છે, જેમાં અબજ ડોલરથી ટ્રિલિયન ડોલર સુધી 'ક્વોન્ટમ જમ્પ' માટે હાકલ કરવામાં આવી છે.

- તે 2030 પહેલાના સમયગાળામાં 5.8-5.9 ટ્રિલિયન અમેરિકન ડોલરના વિકાસશીલ દેશો માટે અને 2050 સુધીમાં ચોખ્ખી–શૂન્ય ઉત્સર્જન હાંસલ કરવા માટે સ્વચ્છ ઊર્જા તકનીકો માટે 4 ટ્રિલિયન અમેરિકન ડોલરના ધિરાણની જરૂરિયાતને પ્રકાશિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફાયનાન્સ ટ્રેક એગ્રીમેન્ટ્સ

G20ના ભારતના અધ્યક્ષપદે ક્રિપ્ટોકરન્સી માટે સંકલિત અને વ્યાપક નીતિ અને નિયમનકારી માળખાનો પાયો નાખ્યો છે.

- તેણે ક્રિપ્ટો એસેટ રેગ્યુલેશન માટે વૈશ્વિક સર્વસંમતિ પર ભાર મૂકયો હતો.
- G20 દેશોએ વૈશ્વિક સ્તરે ઉચ્ચ વિકાસલક્ષી માંગને પહોંચી વળવા વધુ મજબૂત અને અસરકારક બહુપક્ષીય વિકાસ બેંકોની તાત્કાલિક જરૂરિયાતો પર ભાર મૂકયો હતો.
- ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઈન્ડિયા સ્ટેક મોડલને નાણાકીય સમાવેશ માટે આશાસ્પદ અભિગમ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

## ભારત-મર્કોસુર પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ

ભારત અને બ્રાઝિલ આર્થિક સંબંધોને વેગ આપવા માટે ભારત–મર્કોસુર પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ (PTA)ના વિસ્તરણ માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે.

- મર્કોસુર એ લેટિન અમેરિકામાં બ્રાઝિલ, આર્જેન્ટિના, ઉરૂગ્વે અને પેરાગ્વેનો સમાવેશ કરતું વેપારી જૂથ છે.
- ભારત–મર્કોસુર પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ 1 જૂન, 2009ના રોજ અમલમાં આવ્યો હતો.
- જેનો હેતુ ભારત અને મર્કોસુર બ્લોક વચ્ચે સંમત થયેલી પસંદગીની વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G20 સમિટ 2023માં ભારત-યુએસ સહયોગ

ભારત અને અમેરિકા તેમની ટેક્નોલોજી ભાગીદારી મજબૂત કરી રહ્યા છે, સ્થિતિસ્થાપક સેમિકન્ડકટર સપ્લાય ચેઈન્સ અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

- ચીનના ટેલિકોમ સાધનોને હટાવવાની સાથે સંરેખિત કરીને ભારત યુએસના 'રિપ એન્ડ રિપ્લેસ' પાયલોટ પ્રોજેક્ટને સમર્થન આપે છે.
- ભારત અને અમેરિકાએ સ્પેસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા નવા અને ઉભરતા ડોમેન્સમાં વિસ્તૃત સહયોગ દ્વારા ભારત–અમેરિકા મેજર ડિફેન્સ પાર્ટનરશિપને વધુ ગાઢ અને વૈવિધ્યસભર બનાવવાની તેમની પ્રતિબદ્ધતાની પુનઃપૃષ્ટિ કરી છે.

## G20 સમિટ 2023ની અન્ય મુખ્ય વિશેષતાઓ

### ભારત મંડપમ (Bharat Mandapam)

18મી G20 સમિટનું આયોજન નવી દિલ્હીમાં ભારત મંડપમ ઈન્ટરનેશનલ એક્ઝિબિશન–કન્વેન્શન સેન્ટર, પ્રગતિ મેદાન ખાતે થયું હતું.



- જુલાઈ 2023માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે 'આંતરરાષ્ટ્રીય પ્રદર્શન –કમ–કન્વેન્શન સેન્ટર' (IECC) સંકુલનું ઉદ્દઘાટન કર્યુ હતું.
- જેને 'ભારત મંડપમ' (Bharat Mandapam) નામ આપવામાં આવ્યું હતું.
- રૂ. 2700 કરોડના અંદાજિત ખર્ચે રાષ્ટ્રીય પ્રયાસ તરીકે વિકસાવવામાં આવેલ આ સ્મારક પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારતને વૈશ્વિક વ્યાપાર સ્થળ તરીકે પ્રદર્શિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.
- IECC કોમ્પ્લેક્સ લગભગ 123 એકરના વ્યાપક કેમ્પસ વિસ્તારમાં ફેલાયેલું છે.
- જે તેને ભારતનું સૌથી મોટી સભાઓ, પ્રોત્સાહનો, સંમેલનો અને પ્રદર્શનો (MICE) સ્થળ બનાવે છે.
- સંમેલન કેન્દ્ર અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે જેમાં બહુવિધ મીટિંગ રૂમ, લાઉન્જ, ઓડિટોરિયમ અને એક એમ્ફીથિયેટરનો સમાવેશ થાય છે.
- જે મોટા પાયે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો, વેપાર મેળાઓ, પરિષદો અને પ્રતિષ્ઠિત કાર્યક્રમોનું આયોજન કરવા માટે રચાયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિશ્વની સૌથી ઊંચી નટરાજ પ્રતિમા

G20 સમિટ દરમિયાન ભારત મંડપમ ખાતે ભગવાન નટરાજની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્થાપવામાં આવી હતી.



- ભારત મંડપમ ખાતે સ્થાપિત થયેલ આ પ્રતિમાની ઊંચાઈ 18 ફૂટ છે.
- તમિલનાડુના કારીગરો દ્વારા અષ્ટધાતુ (આઠ ધાતુના એલોય)માંથી કોતરવામાં આવેલી નટરાજની આ નોંધપાત્ર મૂર્તિનું વજન 18 ટન છે.
- આ પ્રતિમા તમિલનાડુના સ્વામી મલાઈના પ્રસિદ્ધ શિલ્પકાર શ્રી રાધાકૃષ્ણન દ્વારા બનાવવામાં આવી હતી.

- ભગવાન નટરાજની આ મૂર્તિની ડિઝાઈન ત્રણ પ્રતિષ્ઠિત નટરાજ શિલ્પોથી પ્રેરિત છે :

  (1) ચિદમ્બરમ ખાતે થિલાઈ નટરાજ મંદિર

  (2) કોનેરીરાજાપુરમ ખાતે ઉમા મહેશ્વરા મંદિર

  (3) બૃહદેશ્વર મંદિર, તંજાવુર
- તે ભગવાન શિવના નૃત્ય સ્વરૂપના ઈતિહાસ અને ધાર્મિક પ્રતીકવાદની ઊંડી સમજ આપે છે.
- ભારત મંડપમમાં ભગવાન નટરાજની મૂર્તિ લુપ્ત મીણ પદ્ધતિનો (WAX Method)નો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે.

## કોર્ણાક ચક્ર




ભારત મંડપમ ખાતે ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને વારસાના પ્રદર્શન તરીકે અન્ય દેશોના સ્વાગત માટે ઓડિશાના સૂર્ય મંદિરના ઐતિહાસિક <u>કોર્ણાક ચક્ર ભીંતચિત્રને દર્શાવતી દિવાલ</u> સ્થાપિત કરવામાં આવી છે.

- G20 સમિટ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોર્ણાક ચક્રની પ્રતિકૃતિ પાસે વિશ્વના શક્તિશાળી દેશોના નેતાનું સ્વાગત કર્યુ હતું.

### કોર્ણાક સૂર્ય મંદિર વિશે :

કોર્ણાકનું સૂર્યમંદિર <u>ઓડિશા રાજ્ય</u>માં પવિત્ર શહેર પૂરીની નજીક આવેલું છે.

- કોર્ણાકના સૂર્યમંદિરનું નિર્માણ <u>13મી સદી</u>માં <u>રાજા નરસિંહદેવ પ્રથમે</u> કરાવ્યું હતું.
- તે ગંગ વંશની ભવ્યતા, સ્થાપત્ય, શક્તિ અને સ્થિરતા તેમજ ઐતિહાસિક પર્યાવરણનું પ્રતિનિધિત્વ કરે છે.
- મંદિર એક વિશાળ રથના આકારમાં બનાવવામાં આવ્યું છે. જે સૂર્ય ભગવાનને સમર્પિત છે.
- કોર્ણાકના સૂર્ય મંદિરની ઊંચાઈ <u>70 મીટર</u> છે.
- મંદિર કુલ ત્રણ ભાગમાં વિભાજિત છે :

  (1) નાટ્ય મંડળ (2) જગમોહન (3) ગર્ભ–ગૃહ
- અહીં આવેલ મૂર્તિઓ લેટેરાઈટ, ક્લોરાઈટ અને ડોલોમાઈટમાંથી બની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કોર્ણાકના સૂર્યમંદિરના રથના પૈડાની **12 જોડ** આવેલ છે. તેને સાત ઘોડાઓ ખેંચે છે તેવું દર્શાવવામાં આવ્યું છે.
- આ મંદિરનું નિર્માણ કલિંગ શૈલીમાં થયું છે.
- કોર્ણાકનું સૂર્યમંદિર કાળા ગ્રેનાઈટના પથ્થરમાંથી બન્યું હોવાથી તે 'કાળા પૈગોડા' તરીકે પણ ઓળખાય છે.
- સાત ઘોડાને અઠવાડિયાના સાત દિવસોનું પ્રતીક માનવામાં આવે છે.
- કોર્ણાક સૂર્યમંદિર તેની સ્થાપત્ય ભવ્યતા માટે જ નહીં પરંતુ શિલ્પના કામની ઊંડાઈ અને પ્રાવિણ્ય માટે પણ જાણીતું છે.
- વર્ષ **1984માં** યુનેસ્કો દ્વારા તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી હતી.

નોંધ : (1) પૂર્વીય ગંગ રાજવંશને રૂધિ ગંગ અથવા પ્રાચ્ય ગંગના નામથી પણ ઓળખવામાં આવે છે.

(2) આ રાજવંશે 5મી સદીની શરૂઆતથી 15મી સદીની શરૂઆત સુધી કલિંગ પર શાસન કર્યું હતું.

## TRIFED G20 સમિટમાં ભારતની આદિવાસી કારીગરીનું પ્રદર્શન

ભારતનો સમૃદ્ધ આદિવાસી વારસો અને કારીગરી તાજેતરમાં યોજાયેલી 18મી G20 સમિટમાં નોંધપાત્ર રીતે પ્રદર્શિત કરવામાં આવી હતી.

- જેને **TRIFED (Tribal Cooperative Marketing Development Federation of India),** આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું અને તેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- G20 સમિટમાં TRIFED દ્વારા પ્રદર્શિત કલાકૃતિઓ અને ઉત્પાદનો નીચે મુજબ છે :

### લોંગપી પોટરી (માટીકામ)



- મણિપુરના લોંગપી ગામની તંગખુલ નાગા આદિજાતિ આ અસાધારણ માટીકામ શૈલીનો અભ્યાસ કરે છે.
- લોંગપી માટીના વાસણો દેખાવમાં અલગ પડે છે કારણ કે તેના ઉત્પાદનમાં કુંભારના ચકનો ઉપયોગ થતો નથી, બધું હાથ દ્વારા જ બનાવવામાં આવે છે.
- વિશિષ્ટ ગ્રે–બ્લેક કૂકિંગ પોટ્સ, સ્ટાઉટ કેટલ, ક્વિર્કી બાઉલ્સ વગેરે લોંગપીની ટ્રેડમાર્ક પ્રોડક્ટ્સ છે.
- પરંતુ હવે પ્રોડક્ટ લાઈનને વિસ્તૃત કરવા તેમજ હાલના માટીકામને સુંદર બનાવવા માટે નવી ડિઝાઈન ઉમેરવામાં આવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## છત્તીસગઢની પવન વાંસળી :

- છત્તીસગઢના બસ્તરના ગોંડ આદિજાતિ દ્વારા બનાવવામાં આવેલ સુલુર વાંસની 'પવન વાંસળી' એક અનોખું સંગીત સાધન છે.
- પરંપરાગત વાંસળીથી વિપરીત એક હાથે સ્વિંગ દ્વારા સૂર ઉત્પન્ન થાય છે.
- તેની કારીગીરીમાં કાળજીપૂર્વક વાંસની પસંદગી, છિદ્ર ડ્રિલિંગ અને માછલીના પ્રતીકો, ભૌમિતિક રેખાઓ અને ત્રિકોણ સાથે સપાટી પર કોતરણીનો સમાવેશ થાય છે.
- સંગીત ઉપરાંત આદિવાસી લોકો તેનો ઉપયોગ પ્રાણીઓનો પીછો કરવા અથવા ભગાડવા અને પશુઓને જંગલોમાં માર્ગદર્શન આપવા માટે કરે છે.
- તે કલાત્મક અને કાર્યક્ષમતાનું સુમેળભર્યું મિશ્રણ છે જે ગોંડ આદિજાતિની વિશિષ્ટ કારીગરીનું પ્રદર્શન કરે છે.

## ગોંડ ચિત્રો :



- ગોંડ ચિત્રો પ્રકૃતિ અને પરંપરા સાથેના તેમના ઊંડા જોડાણને પ્રતિબિંબિત કરે છે.
- તે બિંદુઓથી શરૂ થાય છે, ઈમેજ વોલ્યુમની ગણતરી કરે છે, જેને તેઓ વાઈબ્રન્ટ રંગોથી ભરેલા બાહ્ય આકારો બનાવવા માટે કનેક્ટ કરે છે.
- આ કલાકૃતિઓ તેમના સામાજિક વાતાવરણ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે અને આદિજાતિની કલાત્મક પ્રતિભાના પ્રમાણપત્ર તરીકે પોતાને વ્યક્ત કરે છે.

## ગુજરાત હેંગિંગ્સ :



- ગુજરાતના દાહોદમાં ભીલ અને પટેલિયા જનજાતિઓ દ્વારા બનાવવામાં આવેલ ગુજરાતી વોલ હેંગિંગ્સ દિવાલના આભૂષણો તરીકે ખૂબ જ લોકપ્રિય છે. તે પ્રાચીન ગુજરાત કલાના સ્વરૂપમાંથી આવે છે.
- આ હેંગિંગ્સ શરૂઆતમાં કોટન ફેબ્રિક અને રિસાયકલ કરેલ સામગ્રીમાંથી બનાવેલ ઢીંગલી અને પારણા જેવા માળાના પક્ષીઓનો સમાવેશ થતો હતો.

- હેંગિંગ્સ અથવા લટકામાં હવે મિરર વર્ક, ઝરી, પથ્થરો અને માળાઓનો સમાવેશ થાય છે.
- જે પરંપરાને જાળવી રાખીને સમકાલીન ફેશનને અનુરૂપ વિકસાવવામાં આવ્યા છે.

## ઘેટાના ઊનનો સ્ટોલ્સ :



- તે હિમાચલ પ્રદેશ/જમ્મુ કાશ્મીરના બોધ, ભૂટિયા અને ગુજ્જર બકરવાલ જાતિઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.
- તેઓ જેકેટ, શાલ અને સ્ટોલ સહિતના વિવિધ વસ્ત્રો બનાવવા માટે ઘેટાના ઊનનો ઉપયોગ કરે છે.
- મૂળરૂપે સફેદ, કાળા અને રાખોડી રંગની મોનોક્રોમેટિક યોજનાઓ દર્શાવતી આદિવાસી કારીગરીનું વિશ્વ નવનિર્માણમાંથી પસાર થઈ રહ્યું છે.

## રાજસ્થાનનું કલાત્મક પ્રદર્શન :

- **મોઝેક લેમ્પ** : તે મોઝેક કલા શૈલીને પ્રતિબિંબિત કરે છે, જે લેમ્પ શેડ્સ અને મીણબત્તી ધારકોમાં સાવધાનીપૂર્વક તૈયાર કરવામાં આવે છે. જ્યારે તે પ્રકાશિત થાય છે ત્યારે તે રંગોની બહુરૂપતા દર્શાવે છે જે જગ્યાને પ્રકાશિત કરે છે.
- **અંબાબાડી મેટલવર્ક** : તે મીના જનજાતિ દ્વારા તૈયાર કરવામાં આવે છે. અને તેમાં દંતવલ્કનો સમાવેશ થાય છે. જે ઝીણવટભરી પ્રક્રિયાથી ધાતુની સુંદરતામાં વધારો કરે છે. હાલમાં તે સોના તેમજ ચાંદી અને તાંબા જેવી ધાતુઓ સુધી વિસ્તરે છે.
- **મીનાકારી હસ્તકલા** : મીનાકારી હસ્તકલામાં ધાતુની સપાટીને રંગીન ખનિજોથી સુશોભિત કરવાનો સમાવેશ થાય છે. આ પરંપરા જે અસાધારણ કૌશલ્યને પ્રતિબિંબિત કરે છે અને મુઘલો દ્વારા રજૂ કરવામાં આવી હતી.

## G20 નેતાઓને ભેટ

દિલ્હીમાં યોજાયેલ G20 સમિટ 2023એ વિશ્વભરના દેશો માટે હાથથી બનાવેલી ભેટોની ક્યુરેટેડ પસંદગી દ્વારા ભારતની સમૃદ્ધ પરંપરાઓ અને સાંસ્કૃતિક વિવિધતાનો અનુભવ કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કાર્ય કર્યુ હતું.

- આ ભેટોમાં ભારતના સાંસ્કૃતિક અને હસ્તકલાના વારસાને દર્શાવતી વિવિધ પ્રદેશોમાંથી હાથ બનાવટની વિવિધ વસ્તુઓનો સમાવેશ થાય છે.
- દેશોને આપવામાં આવેલી ભેટો નીચે મુજબ છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સંદૂક (Chest) :**



- બધી ભેટ વસ્તુઓ નિપુણતાથી પિત્તળની જડેલી 'સંદૂક'માં પેક કરવામાં આવી હતી.
- આ સંદૂક શીશમ (ભારતીય રોઝવુડ)નો ઉપયોગ કરીને હાથથી બનાવવામાં આવી હતી. જે ટકાઉ છે અને તેની વિશિષ્ટ અનાજ પેટર્ન માટે જાણીતી છે.

**સુગંધિત પાક વસ્તુઓ :**

- ભેટમાં જમ્મુ અને કાશ્મીરના કેસરના પેકેટનો પણ સમાવેશ થાય છે, જે તેના પાક અને ઔષધિય ગુણધર્મો માટે વિશ્વના સૌથી મોંઘા મસાલા તરીકે પ્રખ્યાત છે.

**શૈંપેન ઓફ ટી :**

- ભારતમાં પેકો દાર્જિલિંગ (ચાના શેમ્પેન તરીકે પણ ઓળખાય છે) અને નીલગીરી ચાના વાવેતરના રૂપમાં ચાના ઉત્પાદનની લાંબી પરંપરા છે, જે ચાના ઉત્પાદનના ક્ષેત્રમાં ભારતની કૃષિ પ્રણાલીના આદર્શ પ્રતિકો છે.

**અરાકૂ કોફી :**

- અરાકૂ કોફી એ વિશ્વની પ્રથમ ટેરોર–મેપ્ડ કોફી છે, જે આંધ્રપ્રદેશની અરાકૂ ખીણમાં કાર્બનિક અને ટકાઉ વાવેતર દ્વારા ઉગાડવામાં આવે છે.
- તે સમૃદ્ધ સ્વાદ, સ્ફૂર્તિદાયક સુગંધ અને અજોડ શુદ્ધતા માટે એક વિશિષ્ટ પ્રતિષ્ઠા ધરાવે છે.

**સુંદરવનનું પરંપરાગત મધ :**

- તેમાં બંગાળની ખાડીમાં સ્થિત વિશ્વના સૌથી મોટા મેન્ગ્રોવ જંગલ સુંદરવનમાંથી પરંપરાગત સંગ્રાહકો દ્વારા એકત્રિત કરવામાં આવેલ ખાસ મધનો પણ સમાવેશ થાય છે.
- 100% પ્રાકૃતિક અને શુદ્ધ હોવા ઉપરાંત સુંદરવનમાંથી લાવવામાં આવેલ મધમાં ફ્લેવોનોઈડ્સ પણ વધુ હોય છે. અને મૂલ્યવાન સ્વાસ્થ્ય લાભો પણ પૂરા પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**કનોજનું અત્તર :**

- ઉત્તરપ્રદેશના કનોજના ઝીધરાનું અત્તર ભેટમાં આપવામાં આવ્યું હતું. જે સંવેદનાત્મક પરિણામ ઉમેરતા સુંદર અત્તર બનાવવાની ભારતની વર્ષો જૂની પરંપરા દર્શાવે છે.

**કાશ્મીરની ઉત્કૃષ્ટ શાલ :**

- ભેટમાં ચાંગથાંગી બકરીના ઊનમાંથી બનાવેલી કાશ્મીરી પશ્મિના શાલનો પણ સમાવેશ થાય છે.
- આ બકરી દરિયાની સપાટીથી 14,000 ફૂટની ઊંચાઈએ આ પ્રદેશમાં જોવા મળે છે.

**ખાદી સ્કાર્ફ :**

- રાજઘાટની મુલાકાત દરમિયાન દરેક નેતાને વ્યક્તિગત રીતે રજૂ કરવામાં આવતા ખાદીના દુપટ્ટા(અથવા સ્કાર્ફ)નું પોતાનું વિશેષ પ્રતીકાત્મક મહત્ત્વ છે.

**સ્મારક સિક્કા અને સ્ટેમ્પ્સ :**

- જુલાઈ 2023માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત મંડપમના ઉદ્દઘાટન દરમિયાન ભારતના G20 પ્રેસિડેસીની યાદમાં વિશેષ સિક્કા અને સ્ટેમ્પ બહાર પાડયા હતા.
- ડિઝાઈન ભારતના G20 લોગો અને વસુધૈવ કુટુમ્બકમ થીમથી પ્રેરિત હતી.
- G20 પ્રેસિડેન્સીના લોગોની જેમ G20 સમિટમાં રજૂ કરવામાં આવેલી સુવર્ણ પોસ્ટેજ સ્ટેમ્પસમાં પણ ભારતનું રાષ્ટ્રીય ફૂલ કમળ દર્શાવવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## G20ની અધ્યક્ષતા અને ટ્રોઈકા




G20નું અધ્યક્ષ પદ દર વર્ષે સભ્યો વચ્ચે ફરે છે.

- 2023માં ભારત પાસે G20નું અધ્યક્ષપદ હતું, જ્યારે અગાઉ વર્ષ 2022નું અધ્યક્ષ પદ ઈન્ડોનેશિયા પાસે હતું.
- અધ્યક્ષપદ ધરાવતો દેશ, અગાઉના અને આગામી અધ્યક્ષપદ ધારક સાથે મળીને G20ની કાર્યસૂચિની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે Troikaની રચના કરે છે.
- ટૂંકમાં કહીએ તો G20ની ટ્રોઈકા વર્તમાન, ભૂતકાળ અને આગામી અધ્યક્ષ દેશોની બનેલી છે.
- ટ્રોઈકા એટલે કે ત્રણ લોકોનું જૂથ એક સાથે કામ કરે છે. આ એક અંગ્રેજી શબ્દ છે.
- ભારતના અધ્યક્ષપદ દરમિયાન ટ્રોઈકામાં અનુક્રમે ઈન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલનો સમાવેશ થતો હતો.

**નોંધ :** ડિસેમ્બર 2021માં ભારત ટ્રોઈકામાં જોડાયું હતું ત્યારે ટ્રોઈકામાં ઈટાલી, ઈન્ડોનેશિયા અને ભારતનો સમાવેશ થયો હતો. કારણ કે વર્ષ 2021માં ઈટાલી પાસે અધ્યક્ષ પદ હતું.

## G20માં ટ્રોઈકાની શું જરૂર હોય છે ?

G20 કાયમી સ્ટાફ અથવા સચિવાલય વિના કાર્ય કરે છે.

- વર્તમાન અધ્યક્ષ અસ્થાયી રૂપે સચિવાલયની સ્થાપના કરે છે.
- આ સચિવાલય બેઠકોનું આયોજન કરે છે અને જૂથની કામગીરીનું સંકલન કરે છે.
- આમ, સચિવાલયને મદદ કરવા માટે ટ્રોઈકાની જરૂર હોય છે જેથી G20ના કામમાં સાતત્ય રહે.

## વર્ષ 2023માં G20માં આમંત્રિત દેશો

- વર્ષ 2023ની G20 સમિટમાં બાંગ્લાદેશ, ઈજિપ્ત, મોરેશિયસ, નેધરલેન્ડ, નાઈજીરીયા, ઓમાન, સિંગાપોર, સ્પેન અને યુએઈ આમંત્રિત દેશો હતા.

## G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે. (હવે આગામી સમયથી 21 સભ્યો)
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ત્યારબાદ દિલ્હીમાં યોજાયેલ G20 સમિટમાં આફ્રિકન યુનિયનનો 21માં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G-20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ- વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર, 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી.સી |
| 2nd | 2 એપ્રિલ, 2009 | યુનાઈટેડ કિંગ્ડમ | લંડન |
| 14th | 28-29 જૂન, 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 21-22 નવેમ્બર, 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 30-31 ઓક્ટોબર, 2021 | ઈટાલી | રોમ |
| 17th | 15-16 નવેમ્બર, 2022 | ઈન્ડોનેશિયા | બાલી |
| 18th | 09-10 સપ્ટેમ્બર, 2023 | ભારત | નવી દિલ્હી |
| 19th | 2024 | બ્રાઝિલ | રિયો ડિ જાનેરો |

**નોંધ:** (1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યુ હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

## G-20 સભ્યોના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને રાજધાની

| ક્રમ | દેશ | રાજધાની/વડુંમથક | વડાપ્રધાન | રાષ્ટ્રપતિ |
|---|---|---|---|---|
| 1 | ભારત | નવી દિલ્હી | શ્રી નરેન્દ્રભાઈ મોદી | શ્રીમતી દ્રોપદી મુર્મુ |
| 2 | આર્જેન્ટિના | બ્યુનોસ એરેસ | – | શ્રી આલ્બેર્ટો ફર્નાન્ડિઝ |
| 3 | ઓસ્ટ્રેલિયા | કેનબેરા | શ્રી એન્થોની અલ્બેનીઝ | – |
| 4 | બ્રાઝિલ | બ્રાઝિલિયા | – | શ્રી લુઈઝ ઈનાસિયો લુલા દા સિલવા |
| 5 | કેનેડા | ઓટાવા | શ્રી જસ્ટિન ટ્રુડો | – |
| 6 | ચીન | બેઈજિંગ | – | શ્રી શી જિનપિંગ |
| 7 | ફ્રાન્સ | પેરિસ | શ્રી ઈમેન્યુઅલ મેક્રોન | એલિસાબેથ બોર્ન |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | દેશ | રાજધાની/વડુંમથક | વડાપ્રધાન | રાષ્ટ્રપતિ |
|---|---|---|---|---|
| 8 | જર્મની | બર્લિન | શ્રી ઓલાફ સ્કોલ્ઝ (તેઓ વડાપ્રધાન નથી પણ ચાન્સેલર છે) | – |
| 9 | ઈન્ડોનેશિયા | જકાર્તા | – | શ્રી જોકો વિડોડો |
| 10 | ઈટાલી | રોમ | સુશ્રી જ્યોર્જિયા મેલોની | – |
| 11 | જાપાન | ટોકયો | શ્રી ફ્યુમિયો કિશિદા | – |
| 12 | મેક્સિકો | મેક્સિકો સિટી | – | એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ |
| 13 | દક્ષિણ કોરિયા | સિઓલ | – | શ્રી યુ સુક યેઓલ |
| 14 | રશિયા | મોસ્કો | – | શ્રી વ્લાદિમીર પુતિન |
| 15 | સાઉદી અરેબિયા | રિયાધ | શ્રી મોહમ્મદ બિન સલમાન (ક્રાઉન પ્રિન્સ) | – |
| 16 | દક્ષિણ આફ્રિકા | પ્રિટોરિયા (એક્ઝિક્યુટિવ), કેપટાઉન (વિધાન), બ્લૂમફોન્ટેન (ન્યાયિક) | – | શ્રી સિરિલ રામા ફોસા |
| 17 | તુર્કી | અંકારા | – | શ્રી રેસેપ તૈયપ એર્દોગન |
| 18 | બ્રિટન(યુકે) | લંડન | શ્રી ઋષિ સુનક | – |
| 19 | અમેરિકા | વોશિંગ્ટન ડિસી | – | શ્રી જો બિડેન |

**નોંધ:** ઉપરોક્ત કોષ્ટક G20 દેશોના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સંબંધિત છે. G20 સમિટમાં હાજર મહેમાનોનું નથી. કારણ કે અમુક વડાપ્રધાન/રાષ્ટ્રપતિ તેમના અંગત કારણોસર હાજર રહી શકયા ન હતાં.

**નોંધ:** (1) સુશ્રી ઉર્સુલા વોન ડેર લેયન યુરોપિયન યુનિયનના કમિશનના પ્રમુખ છે. તથા શ્રી ચાર્લ્સ મિશેલ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ છે.

(2) G20 સમિટ 2023માં રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિનની જગ્યાએ રશિયાના વિદેશમંત્રી શ્રી સર્ગેઈ લવરોવએ ભાગ લીધો હતો.

(3) ચીન તરફથી G20 સમિટ 2023માં શ્રી લી કિઆંગએ ભાગ લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. વર્ષ 2023માં કયા દેશમાં G20 સમિટનું આયોજન થયું હતું ?

(A) ભારત (B) કેનેડા (C) ઈટાલી (D) બ્રાઝિલ **(A)**

2. તાજેતરમાં ભારતના નવી દિલ્હી ખાતે કેટલામી G20 સમિટ (2023)નું આયોજન થયું હતું ?

(A) 16મી (B) 17મી (C) 18મી (D) 19મી **(C)**

3. તાજેતરમાં 18મી G20 સમિટ ભારતના નવી દિલ્હીમાં કયા સ્થળે યોજાઈ હતી ?

(A) અટલ મંડપમ (Atal Mandapam)

(B) દિલ્હી મંડપમ (Delhi Mandapam)

(C) ભારત મંડપમ (Bharat Mandapam)

(D) વિશ્વમ્ મંડપમ (Vishvam Mandapam) **(C)**

4. વર્ષ 2023માં ભારતની અધ્યક્ષતામાં યોજાયેલ 18મી G20 સમિટની થીમ અને લોગો વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. G20ના લોગોમાં કમળનું પ્રતિક દર્શાવવામાં આવ્યું છે. લોગોમાં કમળ એ આશાનું પ્રતિક છે.
2. લોગોમાં સાત કમળની પાંખડીઓ સાત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે.
3. ભારતના G20 અધ્યક્ષ પદની થીમ 'વસુધૈવ કુટુંબકમ–એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય' છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 3 (D) 1, 2 અને 3 **(D)**

5. આગામી G20ની 19મી સમિટ વર્ષ 2024માં કયા દેશમાં યોજાશે ?

(A) બ્રાઝિલ (B) જર્મની

(C) અમેરિકા (D) ચીન **(A)**

6. તાજેતરમાં ભારતમાં યોજાયેલ 18મી G20 સમિટમાં કયા દેશ/સમૂહને G20 જૂથના 21માં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) OPEC (B) આફ્રિકન યુનિયન

(C) બાંગ્લાદેશ (D) પેરાગ્વે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. આફ્રિકન યુનિયનમાં કેટલા દેશોનો સમાવેશ થાય છે ?

(A) 41 (B) 47 (C) 51 (D) 55 **(D)**

8. તાજેતરમાં ભારતમાં યોજાયેલ G20 સમિટ દરમિયાન 'ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ' (GBA) સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સહયોગ અને ટકાઉ બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ વૈશ્વિક બાયોફ્યુઅલ વેપારને સરળ બનાવવાનો છે
2. ભારત, યુએસ, બ્રાઝિલ, આર્જેન્ટિના સહિત નવ દેશો દ્વારા આ જોડાણની શરૂઆત કરવામાં આવી હતી.
3. કુલ મળીને 19 દેશો અને 12 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ GBAમાં જોડાવા સંમત થયા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

9. તાજેતરમાં ભારતમાં યોજાયેલ G20 સમિટમાં 'IMEC' ચર્ચામાં હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'India-middle East-Europe Economic corridor' છે.
2. તેની સ્થાપના માટે ભારત, US, સાઉદી અરેબિયા, EU, UAE, ફ્રાન્સ, જર્મની અને ઈટાલીની સરકારો વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
3. તે વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ (PGII) માટે ભાગીદારી તરીકે ઓળખાતી વ્યાપક પહેલનો ભાગ છે.
4. તેની સ્થાપનાનો વિચાર વર્ષ 2017ની G20 સમિટ દરમિયાન તુર્કીએ રજૂ કર્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. તાજેતરમાં નવી દિલ્હીના 'ભારત મંડપમ' ખાતે યોજાયેલ G20 સમિટમાં વિદેશી મહેમાનોના સ્વાગત દરમિયાન નીચેના પૈકી કોનું ભીતચીત્ર જોવા મળ્યું હતું ?

(A) અજંતા–ઈલોરા ગુફા
(B) ઈન્ડિયા ગેટ
(C) કોર્ણાક ચક્ર
(D) સોમનાથ મંદિર

(C)

11. G20 સમૂહના સભ્ય દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) તૂર્કી
(B) કેનેડા
(C) દક્ષિણ કોરિયા
(D) બાંગ્લાદેશ

(D)

12. G20 સમિટની સ્થાપના કયારે થઈ હતી ?

(A) 26 સપ્ટેમ્બર, 1999
(B) 26 સપ્ટેમ્બર, 2001
(C) 26 સપ્ટેમ્બર, 2003
(D) 26 સપ્ટેમ્બર, 2007

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ




ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આ નિર્ણયના મહત્ત્વને પ્રસ્તુત કરવા માટે તથા દરેક ક્ષેત્રમાં હિન્દીનો વ્યાપ વધારવા માટે 14 સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ માટે રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(2) ભારતીય બંધારણના ભાગ–17ના અનુચ્છેદ 343(1) અનુસાર સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપી 'દેવનાગરી' હશે.

(3) જોકે, ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષાના રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી, ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## BRO વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ બનાવશે



બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ લદાખના ન્યોમા વિસ્તારમાં વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ બનાવવાની યોજના જાહેર કરી છે.

- રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહે 12 સપ્ટેમ્બરે દેવક બ્રિજ પરથી આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.
- BRO આગામી વર્ષોમાં LAC સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં ચીનને પાછળ છોડવાના ઉદ્દેશ્ય સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવાનું લક્ષ્ય રાખે છે.
- લદાખમાં કોમ્બેટ એરફિલ્ડનું નિર્માણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે કારણ કે તે સરહદી વિસ્તારમાં ભારતની સંરક્ષણ ક્ષમતાઓ અને માળખાકીય સુવિધાઓને વધારે છે. તથા વધુ સારી કનેક્ટિવિટી અને સુરક્ષામાં ફાળો આપે છે.
- છેલ્લા 2-3 વર્ષોમાં LAC સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં રૂ. 11,000 કરોડના 295 પ્રોજેક્ટ પૂર્ણ થયા છે.

## ડેમ સેફ્ટી અંગે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન




જળ શક્તિ મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનર્જીવન વિભાગ દ્વારા 14થી 15 સપ્ટેમ્બર 2023 દરમિયાન જયપુરમાં ડેમ સલામતી પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

- કોન્ફરન્સનું ઉદ્ઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે 'Safe & Secure Dams Ensure Nation's Prosperity' થીમ હેઠળ કર્યું હતું.
- આ વૈશ્વિક પરિષદ ભારત અને વિશ્વભરમાંથી ડેમ સુરક્ષાના નિષ્ણાતો અને નેતાઓને એકસાથે લાવશે.
- આ ઈવેન્ટ ડેમની સલામતી વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે, અદ્યતન વિષયોની ચર્ચા કરે છે અને ડેમ પુનર્વસન અને સુધારણા પ્રોજેક્ટ તબક્કા II અને III પર પ્રકાશ પાડે છે.
- આ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય ક્ષેત્રના નિષ્ણાતો અને નેતાઓ વચ્ચેની સુવિધા આપીને અને સુરક્ષીત ડેમના મહત્ત્વને પ્રોત્સાહન આપીને વૈશ્વિક સ્તરે ડેમની સુરક્ષાને મજબૂત કરવાનો છે.

નોંધ :(1) ભારતમાં 6000થી વધુ ડેમો છે, જે મોટા ડેમોમાં વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે. પાણી પુરવઠા, સિંચાઈ, જળવિદ્યુત, પૂર સંરક્ષણ અને અન્યમાં તેમની બહુમુખી ભૂમિકાઓને કારણે તેમની સલામતીની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે.

(2) ડેમ સેફ્ટી એક્ટ, 2021 એ ડેમ સેફ્ટી પર નેશનલ કમિટી, નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી (NDSA), સ્ટેટ કમિટી ઓન ડેમ સેફ્ટી અને સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશનની સ્થાપના ફરજિયાત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. ભારતમાં કયો દિવસ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 10 સપ્ટેમ્બર (B) 11 સપ્ટેમ્બર

(C) 12 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર **(D)**

2. ભારતમાં બંધારણ સભા દ્વારા હિન્દીને 'રાજભાષા'નો દરજ્જો ક્યારે આપવામાં આવ્યો હતો ?

(A) 14 સપ્ટેમ્બર, 1947 (B) 14 સપ્ટેમ્બર, 1948

(C) 14 સપ્ટેમ્બર, 1949 (D) 14 સપ્ટેમ્બર, 1950 **(C)**

3. તાજેતરમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ............ના ન્યોમા વિસ્તારમાં વિશ્વનું સૌથી ઊંચું એરફિલ્ડ બનાવવાની યોજના જાહેર કરી છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) મેઘાલય

(C) લદ્દાખ (D) સિક્કિમ **(C)**

4. તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનર્જીવન વિભાગ દ્વારા કયા સ્થળે 'ડેમ સેફટી અંગે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ'નું આયોજન થયું હતું ?

(A) લખનૌ (B) જયપુર

(C) ગાંધીનગર (D) ગોવા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર,** (1) **એન્જિનિયર દિવસ (Engineer's Day)**
(2) **આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy)**
(3) **વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ (World Lymphoma Awarness Day)**

## એન્જિનિયર દિવસ




વિશ્વના વિવિધ દેશોમાં જુદા–જુદા દિવસે ‘એન્જિનિયર દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 15 સપ્ટેમ્બરના રોજ ‘એન્જિનિયર દિવસ’ ઉજવાય છે.
- ભારતના મહાન સિવિલ એન્જિનિયર શ્રી એમ.વિશ્વેશ્વરૈયાની યાદમાં તેમનો જન્મદિન 15 સપ્ટેમ્બર ભારતમાં દર વર્ષે ‘એન્જિનિયર દિવસ’ તરીકે ઉજવાય છે.
- શ્રી એમ.વિશ્વેશ્વરૈયાનું પૂરું નામ સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા છે.
- તેઓ Sir MV તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમનો જન્મ 15 સપ્ટેમ્બર, 1860ના રોજ વર્તમાન કર્ણાટકના ચિક્કાબાલાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ખાતે થયો હતો.
- તેઓ 1912થી 1919 દરમિયાન મૈસૂર રાજ્યના દિવાન પણ રહ્યા હતા.
- તેમને 1955માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ‘ભારત રત્ન’ એનાયત થયો હતો.

નોંધ : (1) ભારતના તેલંગાણામાં હૈદરાબાદના પ્રસિદ્ધ એન્જિનિયર શ્રી અલી નવાઝ જંગ બહાદુરની યાદમાં તેમનો જન્મ દિન 11 જુલાઈ 'Telangana Engineer's Day' તરીકે ઉજવાય છે.

(2) સર એમ.વિશ્વેશ્વરૈયાની યાદમાં 15 સપ્ટેમ્બરના રોજ માત્ર ભારતમાં જ નહિ પરંતુ ભારત ઉપરાંત શ્રીલંકા અને તાન્ઝાનિયામાં પણ ‘એન્જિનિયર દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.

(3) યુનેસ્કો દ્વારા દર વર્ષે 4 માર્ચના રોજ 'World Engineer's Day' ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ

સમગ્ર વિશ્વમાં લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 8 નવેમ્બર, 2007ના રોજ આ દિવસની સૌપ્રથમ વખત ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2008માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની થીમ 'Empowering the next generation' છે.

નોંધ : વસતીની દષ્ટિએ ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.

## શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ 2022

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

તાજેતરમાં 12 પુરુષ વૈજ્ઞાનિકોને વર્ષ 2022 માટે 'શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા હતા.



- આ પુરસ્કારોની જાહેરાત CSIR-NIScPRના વન વીક વન લેબ પ્રોગ્રામના ઉદ્દઘાટન સત્રમાં કરવામાં આવી હતી.
- જોકે આ વર્ષે કોઈ મહિલા વૈજ્ઞાનિકોની પસંદગી કરવામાં આવી નથી.
- આ પુરસ્કારોની જાહેરાત છેલ્લે વર્ષ 2021માં કરવામાં આવી હતી.

## શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર વિશે

શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર એ ભારતનો સર્વોચ્ચ બહુવિધ વિજ્ઞાન પુરસ્કાર છે.

- તેઓનુ નામ CSIRના સ્થાપક અને ડિરેક્ટર શ્રી શાંતિ સ્વરૂપ ભટનાગરના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- તેમનો ઉદ્દેશ્ય વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ઉત્કૃષ્ટ ભારતીય કાર્યની માન્યતાને પ્રોત્સાહન આપવાનો છે.
- આ પુરસ્કારમાં પ્રશસ્તિપત્ર, તકતી અને રૂ. 5 લાખની રોકડ પુરસ્કારનો સમાવેશ થાય છે.
- આ પુરસ્કારો નીચેના વિષયોમાં ઉત્કૃષ્ટ કાર્ય અને ઉત્કૃષ્ટ સંશોધન અંગે વાર્ષિક ધોરણે એનાયત કરવામાં આવે છે : (1) જીવવિજ્ઞાન, (2) રસાયણશાત્ર, (3) પૃથ્વી, વાતાવરણ, મહાસાગર અને ગૃહ વિજ્ઞાન, (4) એન્જિનિયરિંગ વિજ્ઞાન, (5) ગાણિતિક વિજ્ઞાન, (6) તબીબી વિજ્ઞાન અને (7) ભૌતિક વિજ્ઞાન

- નોંધનીય છે કે એવોર્ડ પ્રાપ્ત કરતી વખતે પ્રાપ્તકર્તાની ઉંમર 45 વર્ષ સુધીની હોવી જોઈએ.

નોંધ : (1) CSIR એ ભારતની સૌથી મોટી સંશોધન અને વિકાસ સંસ્થા છે, જેની સ્થાપના 1942માં થઈ હતી.

(2) CSIRનું વડું મથક નવી દિલ્હીમાં આવેલું છે.

(3) CSIR પાસે 37 રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ, 39 આઉટરીચ કેન્દ્રો, 1 ઈનોવેશન કોમ્પ્લેક્સ અને સમગ્ર ભારતમાં હાજરી સાથે ત્રણ એકમોનું ગતિશીલ નેટવર્ક છે.



**1.** ભારતમાં 'એન્જિનિયર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 સપ્ટેમ્બર (B) 14 સપ્ટેમ્બર (C) 15 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર **(C)**

**2.** ભારતમાં કોનો જન્મદિન 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી અલી નવાઝ જંગ બહાદૂર (B) શ્રી એમ. વિશ્વેશ્વરૈયા

(C) શ્રી ઈ.શ્રીધરન (D) શ્રી સુબ્રમણ્યમ રામાદુરાઈ **(B)**

**3.** ભારતના કયા રાજ્યમાં 11 જુલાઈ 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) પશ્ચિમ બંગાળ (D) તેલંગાણા **(D)**

**4.** નીચેનામાંથી કયા દેશમાં 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ભારત (B) શ્રીલંકા (C) તાન્ઝાનિયા (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

**5.** 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 સપ્ટેમ્બર (B) 13 સપ્ટેમ્બર (C) 14 સપ્ટેમ્બર (D) 15 સપ્ટેમ્બર **(D)**

**6.** 'વિશ્વ લિમ્ફોમાં જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર **(B)**

**7.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારતનો સર્વોચ્ચ બહુવિધ વિજ્ઞાન પુરસ્કાર છે.
2. આ પુરસ્કારમાં રૂ. 5 લાખની રોકડ પુરસ્કાર પણ આપવામાં આવે છે.
3. એવોર્ડ પ્રાપ્ત કરતી વખતે પ્રાપ્તકર્તાની ઉંમર 35 વર્ષ સુધીની હોવી જોઈએ.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 1 (D) 1, 2 અને 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ



ઓઝોનના પડના સંરક્ષણ માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પૃથ્વીના વાયુમંડળમાં આવેલું ઓઝનનું પડ સૂર્ય પરથી આવતા હાનિકારક પારજાંબલિ કિરણોનું શોષણ કરીને પૃથ્વીની જીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે.
- આધુનિક ટેકનોલોજીના વર્તમાન યુગમાં મનુષ્યની વિવિધ પ્રવૃતિઓના કારણે ઓઝોનના આ પડમાં ક્ષતિ થઈ ગઈ છે.
- આથી, ઓઝોનના પડમાં થતું નુકશાન અટકાવવા માટે જાગૃતિ લાવવા 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઓઝોનના પડના સંરક્ષણ માટે 16 સપ્ટેમ્બર, 1987ના રોજ મોન્ટ્રીયલ પ્રોટોકલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આથી, આ દિવસની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 19 ડિસેમ્બર, 2000ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસે 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2023ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ **'Montreal Protocol : Fixing the ozone layer and reducing climate change'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુના હસ્તે 'રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન' (NeVA)નું ઉદ્‌ઘાટન




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ 13 સપ્ટેમ્બર, 2023ના રોજ ગુજરાત વિધાનસભામાં 'વન નેશન, વન એપ્લિકેશન'નો હેતુ સાકાર કરતી 'નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન' (NeVA) પ્રોજેક્ટ અંતર્ગત ડિજિટલ હાઉસનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- NeVA (નેવા) એપ્લિકેશન લોક પ્રતિનિધિઓને પ્રજાજનો સાથે એક 'ડિજિટલ બ્રીજ' તરીકે જોડવાનું કામ કરશે.
- વિધાનસભાના કામકાજ સંબધિ તમામ કાગળો ડિજિટલ માધ્યમમાં રજૂ થવાથી દર વર્ષે આશરે 25 ટન જેટલા કાગળોના બચાવની સાથે પર્યાવરણનું જતન થશે.
- ગુજરાત વિધાનસભાના સ્પીકરે જણાવ્યું હતું કે દરેક ધારાસભ્યને વિધાનસભામાં તેમના સ્થાન ઉપર તથા બીજું તેમના વ્યક્તિગત કામકાજ માટે એમ બે આઈપેડ આપવામાં આવ્યા છે.
- આ એપ્લિકેશનમાં ડિજિટલ હાઉસ ડિસ્પ્લે પેનલ પર ગૃહમાં હાલ ચાલુ કામકાજની માહિતી ઉપલબ્ધ થતા NeVA 'જીવંત વિધાનસભાગૃહ – જીવંત લોકશાહી'ની વિભાવનાને ઉજાગર કરશે.
- વિધાનસભાગૃહમાં NeVAના માધ્યમથી રજૂ થયેલ તમામ કામકાજ NeVAના પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થતા પ્રજાજનો તથા પત્રકારોને ઉપયોગી થશે.
- નોંધનીય છે કે NeVA સહિત અલગ–અલગ વિષયોની સભ્યશ્રીઓને તાલીમ મળી રહે તે માટે ગુજરાત વિધાનસભામાં કાયમી NeVA સેવા કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યું છે.

**નોંધ :** ગુજરાત વિધાનસભા દેશની પ્રથમ એવી વિધાનસભા છે કે જ્યાં ગૃહમાં રજૂ કરાયેલ તારાંકિત પ્રશ્નો સંબંધિત ઈ–બેલેટ સહિતની સમગ્ર કાર્યવાહી ઓનલાઈન શરૂ થઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન (NeVA)

નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન (NeVA) એ ભારત સરકારના 'ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ' હેઠળના 44 મિશન મોડ પ્રોજેક્ટ (MMP)માંથી એક છે.

- તેમનો ઉદ્દેશ્ય તમામ રાજ્ય વિધાનસભાઓની કામગીરીને 'ડિજિટલ હાઉસ'માં પરિવર્તિત કરીને પેપરલેસ બનાવવાનો છે.
- NeVAમાં પોર્ટલ/વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનનો સમાવેશ થાય છે.
- સંસદીય બાબતોનું મંત્રાલય વિધાનસભા સાથે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તેમના અમલીકરણ માટે 'નોડલ મંત્રાલય' છે.
- ઈ–વિધાન માટેનું ભંડોળ સંસદીય બાબતોના મંત્રાલય દ્વારા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ટેકનિકલ સપોર્ટ પૂરો પાડવામાં આવે છે.
- તેને 'વન નેશન–વન એપ્લિકેશન' થીમ પર વિકસાવવામાં આવી છે.

**મહત્ત્વ**

તે ધારાસભ્યો માટે સંસદીય કાર્યને લગતી તમામ માહિતી જેમ કે બિલ, ગતિ, ચર્ચા, ભાષણ વગેરેની સરળ એક્સેસ પ્રદાન કરે છે.

- તે ધારાસભ્યો દ્વારા પ્રશ્નો, સુચનાઓ અને અન્ય દસ્તાવેજોની ઓનલાઈન રજૂઆત અને સંબંધિત મંત્રાલયો અથવા વિભાગો તરફથી તાત્કાલિક પ્રતિસાદને સક્ષમ કરે છે.
- તે સરકાર માટે સંસદીય દસ્તાવેજોના છાપકામ, સંગ્રહ વિતરણમાં સામેલ ખર્ચ અને સમય ઘટાડે છે.
- તે કાયદાકીય પ્રક્રિયામાં સામેલ વિવિધ હિસ્સેદારો, જેમ કે મંત્રાલયો, વિભાગો, સમિતિઓ વગેરે વચ્ચે વધુ સારા સંકલન અને સંચારની સુવિધા આપે છે.
- તે કાયદાકીય સંસ્થાઓની કામગીરીને વધુ સુલભ અને લોકો માટે દશ્યક્ષમ બનાવીને તેમની પારદર્શિતા અને જવાબદારીને વધારે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®







Click Here To Register

Click Here To Register

**1.** 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર **(C)**

**2.** ઓઝોન પડના સંરક્ષણ માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કયારે કરવામાં આવ્યા હતા કે જેની યાદમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 સપ્ટેમ્બર, 1986 (B) 16 સપ્ટેમ્બર, 1987

(C) 16 સપ્ટેમ્બર, 1988 (D) 16 સપ્ટેમ્બર, 1989 **(B)**

**3.** વર્ષ 2023ના 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ શું છે ?

(A) Ozon for Life 24 year of ozon layer protection

(B) Ozon for Life 30 years of ozon layer protection

(C) Montreal Protocol : Global cooperation protecting life on Earth

(D) Montreal Protocol : Fixing the ozon layer and reducing climate change **(D)**

**4.** તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં કોણે 'નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન' (NeVA)નું ઉદ્દઘાટન કર્યુ હતું ?

(A) શ્રીમતી દ્રોપદી મુર્મુ (B) શ્રી અમિતભાઈ શાહ

(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી જગદીપ ધનખર **(A)**

**5.** 'નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન' (NeVA) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારત સરકારના 'ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ' હેઠળના 44 મિશન મોડ પ્રોજેક્ટ (MMP)માંથી એક છે.
2. તેમનો ઉદ્દેશ્ય તમામ રાજ્ય વિધાનસભાઓની કામગીરીને 'ડિજિટલ હાઉસ'માં પરિવર્તિત કરીને પેપરલેસ બનાવવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **વાઈબ્રન્ટ સમિટ પૂર્વેની કવાયતમાં નવા 4,067 કરોડ રોકાણ માટે સાત MoU**




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તાજેતરમાં ગાંધીનગર ખાતે દસમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પૂર્વાધમાં વિવિધ સેક્ટરમાં રૂ. 4,067 કરોડના નવા મૂડી રોકાણ માટે 7 MoU થયા હતા. આ અગાઉ પાંચ કડીમાં રૂ. 8,373 કરોડના રોકાણ માટે 19 MoU થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ 24,300થી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. આ MoU અનુસાર અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ગાંગડ ગામે ડેનિમ ડાઈંગ અને પ્રોસેસીંગ યુનિટ શરૂ કરવા માટે શ્રી શ્યામ ફેશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 103.25 કરોડનું રોકાણ કરવામાં આવશે. આ યુનિટ માર્ચ 2024માં કાર્યરત થતા 150 જેટલી રોજગારી પ્રાપ્ત થશે. સુરત જિલ્લામાં ટેક્ષટાઈલ યુનિટ કાર્યરત કરવા માટે જનરલ પોલિટેક્ષ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 250 કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે 500 જેટલી રોજગારી પ્રાપ્ત થશે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના પખાજણમાં 546 હેક્ટર વિસ્તારમાં એક ઔદ્યોગિક પાર્ક માટે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા અંગે રૂ. 119.93 કરોડના રોકાણો સાથે MoU થયા છે. આ ઉપરાંત કેમિકલ ક્ષેત્રે રૂ. 3000 કરોડના રોકાણો માટે બે MoU થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ભારત અગામી ગણતંત્ર દિવસ પર ક્વાડ જૂથના નેતાઓને આમંત્રિત કરશે**



ભારત 26 જાન્યુઆરી, 2024ના રોજ ગણતંત્ર દિવસની પરેડમાં ક્વાડ જૂથના નેતાઓને આમંત્રિત કરવાની સંભાવના પર વિચાર કરી રહ્યું છે. 26 જાન્યુઆરીને ઓસ્ટ્રેલિયા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે, જે ગ્રેટ બ્રિટનથી 11 દોષિત જહાજોના પ્રથમ ફલીટના આગમનની વર્ષગાંઠ છે. ક્વાડ એ ચાર લોકશાહી દેશોનું જૂથ છે, ભારત, ઓસ્ટ્રેલિયા, યુએસ અને જાપાન. જેનો ઉદ્દેશ્ય 'મુક્ત, ખુલ્લા અને સમૃદ્ધ' ઈન્ડો–પેસિફિક પ્રદેશને સમર્થન અને તેની ખાતરી કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પશ્ચિમ બંગાળમાં નવી શિક્ષણ નીતિ**




તાજેતરમાં પશ્ચિમ બંગાળ સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના કેટલાક પાસાઓને ઘટાડીને વર્ષ 2023 માટે તેની રાજ્ય શિક્ષણ નીતિ જાહેર કરી છે. કેરળ, કર્ણાટક અને તમિલનાડુ જેવા ઘણા રાજ્યોએ પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને સંપૂર્ણપણે અપનાવવાનો ઈનકાર કર્યો છે. પશ્ચિમ બંગાળે પહેલાની જેમ 5+4+2+2 પેટર્ન જાળવી રાખશે. આ માળખું પૂર્વ પ્રાથમિક શિક્ષણના એક વર્ષ સાથે શરૂ થાય છે. ત્યારબાદ ચાર વર્ષનું પ્રાથમિક શિક્ષણ (વર્ગ 4 સુધી), ચાર વર્ષનું ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (વર્ગ 5 થી 9), બે વર્ષનું માધ્યમિક શિક્ષણ અને છેલ્લે ઉચ્ચ માધ્યમિક શિક્ષણના બે વર્ષનો અમલ કરવામાં આવે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ શાળા પ્રણાલી 5+3+3+4 પેટર્નમાં હોવી જોઈએ, જેમાં ધોરણ 9-12ના વિદ્યાર્થીઓ વિષય–સંબંધિત વિકલ્પો મેળવવાનું શરૂ કરે, પરંતુ પશ્ચિમ બંગાળ રાજ્ય સરકારે તેને નકારી કાઢયું છે.

## ➤ નિપાહ વાયરસ



ભારતના કેરળ રાજ્યમાં ફરીથી નિપાહ વાયરસનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને તેના કારણે બે લોકોના મૃત્યુ થયા છે. નિપાહ વાયરસ એ એક ઝૂનોટિક વાયરસ છે. (પ્રાણીઓમાંથી મનુષ્યમાં ફેલાય છે.) નિપાહ વાયરસ એન્સેફાલટીસ માટે જવાબદાર સજીવ, પેરામિક્સોવિરિડે કેટેગરી અને હેનીપાવાયરસ જાતિનો RNA વાયરસ છે અને તે હેન્ડ્રા વાયરસ સાથે નજીકથી સંબંધિત છે. આ રોગ સૌપ્રથમ 1998 અને 1999માં મલેશિયા અને સિંગાપોરમાં જોવા મળ્યો હતો. આ રોગનું નામ મલેશિયાના એક ગામ સુંગાઈ નિપાહના નામ પરથી રાખવામાં આવ્યું છે, જ્યાં તે પ્રથમ વખત જોવા મળ્યો હતો.

## ➤ કેન્દ્રીય કેબિનેટે ઈ-કોર્ટના ત્રીજા તબક્કાને મંજૂરી આપી

નેશનલ ઈ–ગવર્નન્સ પ્લાનના ભાગરૂપે 2007માં શરૂ કરાયેલ ઈ–કોર્ટ પ્રોજેક્ટ હવે 'એક્સેસ અને ઈન્કલુઝન' પર ભાર મૂકવા સાથે તેના ત્રીજા તબક્કામાં પ્રવેશી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળના કેન્દ્રીય મંત્રીમંડળે રૂ. 7210 કરોડની નાણાકીય ફાળવણી સાથેની ચાર વર્ષની કેન્દ્રીય ક્ષેત્રની યોજના, ઈ–કોર્ટ પ્રોજેક્ટ ફેઝ IIIને મંજૂરી આપી છે. 'સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ'ના વિઝનને અનુરૂપ મિશનનો ઉદ્દેશ્ય ટેકનોલોજી દ્વારા ન્યાય સુધી પહોંચ વધારવાનો છે. તેનો હેતુ ડિજિટલ, પેપરલેસ કોર્ટ બનાવવા અને કાર્યક્ષમ સેવાઓ પ્રદાન કરવાનો છે. તબક્કો III કોર્ટના રેકોર્ડને ડિજિટાઈઝ કરવા, સાર્વત્રિક ઈ–ફાઈલિંગ અને ઈ–પેમેન્ટ સિસ્ટમ રજૂ કરવા અને ન્યાયાધીશો તથા રજિસ્ટ્રીને નિર્ણય લેવામાં મદદ કરવા માટે બુદ્ધિશાળી સિસ્ટમ લાગુ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સૈન્ય ઉપકરણોની ખરીદીને મંજૂરી

ચીન સાથે સરહદ વિવાદ અને પાકિસ્તાન સાથે સંબંધોમાં તિરાડની વચ્ચે સંરક્ષણ મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. સંરક્ષણ મંત્રાલયે 45,000 કરોડ રૂપિયાના ખર્ચે વિભિન્ન મિલિટરી હાર્ડવેરને મંજૂરી આપી છે. જેમાં હવાથી જમીન પર ત્રાટકતી ધ્રુવાસ્ત્ર મિસાઈલ અને 12 SU-30 MK ફાઈટર જેટ પણ સામેલ છે. સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહની અધ્યક્ષતાવાળી ડિફેન્સ એક્વિઝન કાઉન્સિલ (DAC)એ કુલ 9 ખરીદ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. સંરક્ષણ મત્રાલયે જણાવ્યું છે કે આ તમામ ખરીદી ભારતીય વિક્રેતાઓ પાસેથી કરવામાં આવશે. જેનાથી આત્મનિર્ભર ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવાની દિશામાં ભારતીય સંરક્ષણ ઉદ્યોગને પૂરતા પ્રમાણમાં વેગ મળશે.

## વિશ્વ

➤ **મોરોક્કોમાં વિનાશક ભૂકંપ**



6.8ની તીવ્રતા સાથેનો વિનાશક ધરતીકંપ મોરક્કોમાં ત્રાટક્યો હતો. તેનું કેન્દ્ર મરાકેચ નજીક હતું, જેના કારણે આ વિસ્તારમાં અસંખ્ય જાનહાનિ અને ઈમારતોને નુકસાન થયું હતું. તાજેતરના અહેવાલો અનુસાર, ઓછામાં ઓછા 632 લોકો માર્યા ગયા છે, મુખ્યત્વે મારાકેશ અને પડોશી પ્રાંતોમાં. આ ઉપરાંત અસંખ્ય લોકો ઘાયલ થયા છે. ઉત્તર આફ્રિકામાં ભૂકંપ પ્રમાણમાં દુર્લભ છે અને મોરોક્કો ધરતીકંપની રીતે સક્રિય વિસ્તાર ન હોવાને કારણે આવી કુદરતી આપત્તિ માટે તૈયાર ન હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# QUESTION OF THIS WEEK

1. તાજેતરમાં સમાચારમાં રહેલ સતકોસિયા ટાઈગર રિઝર્વ કયા રાજ્યમાં છે ? – ઓડિશા

2. મધ્યપ્રદેશ સરકારે અંત્યોદય આવાસ યોજનાનું નામ બદલીને..........નામ કર્યુ છે. – મુખ્યમંત્રી લાડલી બેહના આવાસ યોજના

3. વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ (OSOWOG) કોન્ફરન્સ માટે ટ્રાન્સ નેશનલ ગ્રીડ ઈન્ટરકનેક્શન કયું શહેર યજમાન છે ? – નવી દિલ્હી

4. કઈ સંસ્થાએ '2023 પ્રાદેશિક સહકાર અને એકતા પરિષદ'નું આયોજન કર્યુ હતું ? – ADB

5. કયા દેશે 'ખાદ્ય સુરક્ષા અને પોષણ પર ડેક્કન ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતો' શરૂ કર્યા છે ? – ભારત

6. કઈ સંસ્થાએ ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલમાં 'ફેસ ઓથેન્ટિકેશન સિસ્ટમ' લોન્ચ કરી છે ? – UIDAI

7. તાજેતરમાં કયા શહેરમાં 'ગાંધી વાટિકા' સાથે મહાત્મા ગાંધીની 12 ફૂટ ઊંચી પ્રતિમાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

8. કયું શહેર 'ભારત ડ્રોન શક્તિ 2023'નું યજમાન છે ? – ગાઝિયાબાદ

9. લુનર રિકોનિસન્સ ઓર્બિટર (LRO) કઈ એજન્સી દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ? – નાસા

10. ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં કયા રેલવે સ્ટેશનને પ્લેટિનમના સર્વોચ્ચ રેટિંગ સાથે 'ગ્રીન રેલવે સ્ટેશન' પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું ? – વિજયવાડા રેલવે સ્ટેશન, આંધ્રપ્રદેશ

11. કેબિનેટે કયા રાજ્યોમાં ઔદ્યોગિક વિકાસ યોજના (IDS) 2017 માટે 1164 કરોડ રૂપિયાની ફાળવણીને મંજૂરી આપી છે ? – હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ

12. તાજેતરમાં કયા રાજ્યએ મોબ લિંચિંગ પીડિત વળતર યોજનાને મંજૂરી આપી છે ? – મધ્યપ્રદેશ

13. 'વિશ્વ ડ્યુકેન મસ્ક્યુલર ડિસ્ટ્રોફી' (DMD) દિવસ દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ? – 7 સપ્ટેમ્બર

14. તાજેતરમાં સંરક્ષણ મંત્રીએ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર તમામ હવામાન કનેક્ટિવિટી અને સૈન્ય સજ્જતાને વધારવા માટે કેટલા સરહદ માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યુ છે ? – 90

15. તાજેતરમાં કયા રાજ્યએ 'નંદિની કૃષક સમૃદ્ધિ યોજના' શરૂ કરી છે ? – ઉત્તરપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. **I-CRRમાં 'I'નો અર્થ શું છે ?** – **Incremental (વૃદ્ધિશીલ)**

(RBIએ તાજેતરમાં 10 ઓગસ્ટ, 2023ના રોજ રજૂ કરાયેલ ઈન્ક્રીમેન્ટલ કેશ રિઝર્વ રેશિયો (I-CRR)ના તબક્કાવાર બંધ કરવાની ઘોષણા કરી છે.)

17. **RBIએ સ્વ–નિયમનકારી સંસ્થાઓ સ્થાપવા માટે સંસ્થાઓના કયા જૂથને પ્રોત્સાહિત/આહવાન કર્યા છે ?**

– **ફિન–ટેક કંપનીઓ**

18. **ભારતે કયા દેશ સાથે WTO પોલ્ટ્રી વિવાદ ઉકેલવાનો નિર્ણય લીધો છે ?** – **અમેરિકા**

19. **કયો દેશ તાજતેરમાં યુરોપિયન યુનિયનના વિજ્ઞાન સંશોધન કાર્યક્રમ – હોરાઈઝન યુરોપમાં ફરી જોડાયો છે ?**

– **યુકે**

20. **કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ મહિલાઓને નવા LPG કનેકશન આપવા માટે પેટ્રોલિયમ કંપનીઓને 1650 કોરડ રૂપિયા જારી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ અંતર્ગત 75 લાખ મફત LPG કનેકશન...............સુધી આપવામાં આવશે.** – **નાણાકીય વર્ષ 2023-24થી 2025-26**

21. **તાજેતરમાં કયા દેશે કવાડ ગ્રૂપમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી છે ?** – **દક્ષિણ કોરિયા**

22. **NGTએ તાજેતરમાં મધ્યપ્રદેશ સરકારને...............માં ક્રૂઝ જહાજો તેમજ અન્ય મોટરવાળી બોટનું સંચાલન બંધ કરવાનો આદેશ આપ્યો હતો.** – **મધ્યપ્રદેશ**

23. **તાજેતરમાં કઈ રાજ્ય સરકારે રાજ્યમાં દીપડાની વસતીના ટકાઉ વ્યવસ્થાપન માટે દીપડાઓની નસબંધી હાથ ધરવાનું નક્કી કર્યુ છે ?** – **મહારાષ્ટ્ર**

24. **રેડિયેશનની ચિંતાને કારણે તાજેતરમાં કયા દેશે iPhone 12ના વેચાણ પર પ્રતિબંધ મૂકયો છે ?** – **ફ્રાન્સ**

25. **વરૂણ એ કયા દેશોના જહાજો વચ્ચેની દ્વિપક્ષીય કવાયત છે ?** – **ભારત અને ફ્રાન્સ**

26. **ભારતે તાજેતરમાં કયા દેશ સાથે સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ (SPC)ની બેઠક યોજી હતી ?**– **સાઉદી અરેબિયા**

27. **કયા વિભાગે 'ગ્રામીણ FTTH બ્રોડબેન્ડને પ્રોત્સાહન આપતા ISP માટે માન્યતા યોજના' શરૂ કરી છે ?**

– **ટેલિ કોમ્યુનિકેશન વિભાગ**

28. **1996માં ગ્રાઉન્ડબ્રેકિંગ ડોલી ધ શીપ બનાવનાર પ્રખ્યાત કલોનિંગ પ્રણેતા ..............નું તાજેતરમાં નિધન થયું છે.**

– **ઈયાન વિલ્મટ**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 50% BIG DISCOUNT

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

### સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT